વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૧૨ ● તારીખ : ૨૬ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર ● વર્ષ : ૧૬ ● અંક : ૨૦૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ ● અમદાવાદ ● કિંમત : રૂા. ૨.૦૦ ● પાના : ૮

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com

RNI Reg. No. GUJGUJ/2009/28886

ભાજપ માટે સંકલ્પ પત્ર વિશ્વાસનો પ્રશ્ન છે : અમિત શાહ | આ ખાલી વચનો નથી ૨૦૧૪થી નરેન્દ્ર મોદીએ દેશમાં પ્રદર્શનની રાજનીતિ સ્થાપિત કરી છે

# દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભાજપનો સંકલ્પ પત્ર ભાગ-૩ જાહેર

## કેજરીવાલ દિલ્હીમાં એવી સરકાર ચલાવી રહ્યા છે જે વચનો આપે છે, તે પૂરા કરતા નથી અને ફરીથી જૂઠાણા અને ભોળા ચહેરા સાથે જનતા સમક્ષ દેખાય છે : અમિત શાહ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી માટે માત્ર ૧૦ દિવસ બાકી છે. રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચાર તેજ કરી દીધો છે. ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભાજપનો સંકલ્પ પત્ર ભાગ ૩ રિલીઝ કર્યો અને આમ આદમી પાર્ટી પર નિશાન સાધ્યું. તેમણે અરવિંદ કેજરીવાલને પૂછ્યું કે તેઓ યમુનામાં ક્યારે ડૂબકી લગાવશે? દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પાર્ટી મુખ્યાલયમાં ભાજપનું 'સંકલ્પ પત્ર' બહાર પાડ્યું. દિલ્હી ભાજપ પ્રમુખ વીરેન્દ્ર સચદેવા અને પાર્ટીના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ હાજર હતા. આ પછી અમિત શાહે કહ્યું કે હું આજે દિલ્હી ૨૦૨૫ વિધાનસભા ચૂંટણી માટે ભાજપના ઢંઢેરાના છેલ્લા ભાગને બહાર પાડવા માટે આપ સૌની સમક્ષ આવ્યો છું. ભાજપની પરંપરા મુજબ, અમે ચૂંટણીઓને ખૂબ જ ગંભીરતાથી લઈએ છીએ, અમે ચૂંટણીને જનસંપર્કનું માધ્યમ પણ માનીએ છીએ. ચૂંટણીઓ દ્વારા રચાયેલી સરકારોની નીતિ નિર્માણ નક્કી કરવા માટે, અમે જનતા વચ્ચે પણ જઈએ છીએ અને ચૂંટણીમાં ભાજપ પાસેથી તેમની અપેક્ષાઓ વિશે માહિતી એકત્રિત કરીએ છીએ. અમિત શાહે કહ્યું કે ભાજપ માટે ઢંઢેરો વિશ્વાસનો પ્રશ્ન છે અને કરવાના કામોની યાદી છે. આ ખાલી વચનો નથી. ૨૦૧૪ થી નરેન્દ્ર મોદીએ દેશમાં પ્રદર્શનની રાજનીતિ સ્થાપિત કરી છે અને ભાજપે તેણે લડેલી બધી ચૂંટણીઓમાં આપેલા વચનો પૂરા કરવા માટે ગંભીર પ્રયાસો કર્યા છે. તેથી, દિલ્હી પ્રદેશ ભાજપે મહિલાઓ, યુવાનો, જેજે ક્લસ્ટરના રહેવાસીઓ, અસંગઠિત કામદારો, મધ્યમ આવક જૂથ, ઉદ્યોગપતિઓ, વ્યાવસાયિકો સાથે પાયાના સ્તરે જઈને સૂચનો મેળવવાનું કામ કર્યું છે. ૧ લાખ ૮ હજાર લોકોએ વિવિધ પ્રકારના પોતાના સૂચનો આપ્યા છે. ૬૨ પ્રકારની વિવિધ ગ્રુપ મીટિંગો યોજાઈ હતી અને ૪૧ LED વાન દ્વારા અમે સૂચનો માંગ્યા હતા. શાહે વધુમાં કહ્યું કે કેજરીવાલ દિલ્હીમાં એવી સરકાર ચલાવી રહ્યા છે જે વચનો આપે છે, તે પૂરા કરતા નથી અને ફરીથી જૂઠાણા અને ભોળા ચહેરા સાથે જનતા સમક્ષ દેખાય છે. મેં મારા રાજકીય જીવનમાં ક્યારેય કોઈ વ્યક્તિને આટલું સ્પષ્ટ જૂઠું બોલતા નથી જોયું. તેમણે વધુમાં કહ્યું કે કેજરીવાલે કહ્યું હતું કે હું અને મારી સરકારનો કોઈપણ મંત્રી સરકારી બંગલો નહીં લઈએ, પરંતુ તેમણે બંગલો લીધો, અહીં સુધી તો ઠીક હતું, પરંતુ ૫૧ કરોડથી વધુ ખર્ચ કરીને તેમણે ૪ બંગલાને એકસાથે મર્જ કરીને એક કાચનો મહેલ. આપ્યો.



### ભાજપના મેનિફેસ્ટોમાં શું છે?

- ગિગ વર્કર્સને ૧૦ લાખ રૂપિયા સુધીનો જીવન વીમો, ૫ લાખ રૂપિયા સુધીનો અકસ્માત વીમો મળે છે.
- કાપડ કામદારોને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો, ૫ લાખ રૂપિયા સુધીનો અકસ્માત વીમો અને ૧૫,૦૦૦ રૂપિયાનું ટૂલકીટ પ્રોત્સાહન મળશે.
- બાંધકામ કામદારોને પ્રોત્સાહન માટે ૧૦,૦૦૦ રૂપિયા સુધીની ટૂલકિટ, ૩ લાખ રૂપિયા સુધીની લોન, ૫ લાખ રૂપિયા સુધીનો અકસ્માત વીમો અને ૧૦ લાખ રૂપિયા સુધીનો જીવન વીમો
- યુવાનો માટે ૫૦,૦૦૦ સરકારી નોકરીઓ, ૨૦ લાખ રોજગાર અને સ્વરોજગારની તકો, જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મેટ્રોમાં મફત મુસાફરી માટે એનસીએમસીમાં વાર્ષિક ૪૦૦૦ રૂપિયા.
- માન્યતા પ્રાપ્ત મીડિયાકર્મીઓ અને વકીલોને ૧૦ લાખ રૂપિયા સુધીનો જીવન વીમો અને ૧૦ લાખ રૂપિયા સુધીનો આરોગ્ય અને અકસ્માત વીમો.
- ૨૦૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે સંકલિત જાહેર પરિવહન નેટવર્ક, દિલ્હી ૧૦૦ ટકા ઇ-બસ શહેર બનશે, મેટ્રો ફેઝ ૪ નું કામ ટૂંક સમયમાં પૂર્ણ થશે અને મેટ્રો અને બસો ૨૪/૭ ઉપલબ્ધ રહેશે. ભવ્ય મહાભારત કોરિડોરનો વિકાસ કરશે.
- યમુના નદીને પુનર્જીવિત કરવામાં આવશે અને યમુના નદીના કિનારાનો વિકાસ કરવામાં આવશે.
- હાથથી મેલું ઉપાડવાની પ્રથા ૧૦૦ ટકા નાબૂદ થશે, કામદારોને કૌશલ્ય વિકાસ અને રોજગારની તકો મળશે.

રાષ્ટ્રના નામે સંબોધનમાં બોલ્યા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ

## બંધારણ ભારતીય તરીકેની આપણી સામૂહિક ઓળખનો આધાર પૂરો પાડે છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

૭૬માં પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શનિવારે (૨૫ જાન્યુઆરી ૨૦૨૫) રાષ્ટ્રને પોતાના સંબોધનમાં કહ્યું કે હું તમને બધાને પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ હૃદયપૂર્વક અભિનંદન આપું છું.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આજે ભારત વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે બંધારણ ભારતીય તરીકેની આપણી સામૂહિક ઓળખનો આધાર પૂરો પાડે છે, તે આપણને એક પરિવાર તરીકે બાંધે છે. તેમણે કહ્યું, "આ ઐતિહાસિક અવસર પર તમને બધાને સંબોધતા મને ખૂબ આનંદ થાય છે. પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ, હું તમને બધાને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. આજથી ૭૫ વર્ષ પહેલાં, ૨૬મી જાન્યુઆરીના દિવસે ભારત ગણરાજ્યનો આધાર ગ્રંથ એટલે કે ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું." રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, "આ વર્ષે, અમે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરી રહ્યા છીએ. તેઓ એવા અગ્રણી સ્વાતંત્ર્ય સેનાનીઓમાંના એક છે જેમની ભૂમિકાને હવે રાષ્ટ્રીય ઈતિહાસના સંદર્ભમાં યોગ્ય મહત્વ આપવામાં આવી રહ્યું છે." રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, "ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ એ માત્ર સૈદ્ધાંતિક ખ્યાલો નથી જે આપણને આધુનિક યુગમાં રજૂ કરવામાં આવ્યા છે. આ જીવન મૂલ્યો હંમેશા આપણી સભ્યતા અને સંસ્કૃતિનો એક ભાગ રહ્યા છે. ભારતના પ્રજાસત્તાક મૂલ્યોનું પ્રતિબિંબ છે.

## જમ્મુ-કાશ્મીરે મુંબઈને હરાવી રચ્યો ઇતિહાસ


| મુંબઈ, તા.૨૫ |

મુંબઈ વિરુદ્ધ જમ્મુ અને કાશ્મીરની રણજી ટ્રોફી મેચમાં જમ્મુ-કાશ્મીરે ઈતિહાસ રચ્યો છે. તેમણે રોહિત શર્મા અને અજિંક્ય રહાણે જેવા અનુભવી ખેલાડીઓથી સજ્જ મુંબઈની ટીમને ૫ વિકેટે હરાવી દીધી. આ જીત જમ્મુ-કાશ્મીર માટે ખૂબ જ મહત્વની છે, કારણ કે તેમણે ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈને હરાવ્યું છે. જમ્મુ-કાશ્મીરના યુદ્ધવીર સિંહે મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

## વહેલી સવારે પાર્કિંગમાં બે ગાડીઓમાં આગ લાગી

| (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૫ |

મહાકુંભનો આજે ૧૩મો દિવસ છે. ત્યારે આજના દિવસે બે મોટી દુર્ઘટના સર્જાઇ હતી, જોકે સદનસીબે બંને દુર્ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નહી. આજે (શનિવારે) વહેલી સવારે પાર્કિંગમાં બે ગાડીઓમાં આગ લાગી હતી, જ્યારે બીજી એક દુર્ઘટના બોટ ડૂબવાની બની હતી.



પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભના મેળામાં શનિવારે વહેલી સવારે ૭ વાગે ફરીથી આગ લાગવાની ઘટના બની છે. મેળામાં સેક્ટર ૨ પાસે પાર્ક કરેલી કારમાં આગ લાગી હતી. જોકે ફાયર બ્રિગેડ વિભાગે તાત્કાલિક આગ પર કાબૂ મેળવી લીધો છે, જોકે સદનસીબે મોટો અકસ્માત થતાં બચી ગયો હતો. એક ગાડી સંપૂર્ણપણે બળીને ખાખ થઇ ગઇ છે, જ્યારે બીજી ગાડી અડધી બળી ગઇ છે. પ્રાપ્ત માહિતી અનુસાર મહાકુંભ નગરમાં શનિવારે ફરી એકવાર મોટી દુર્ઘટના ટળી છે. પાર્કિંગમાં ઉભેલી ગાડીને આગ લાગી હોવાની જાણકારી વહીવટી તંત્રને આપવામાં આવી હતી. ત્યારબાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને આગ પર કાબૂ મેળવી લીધો હતો. આ દુર્ઘટનામાં કોઇ મોટું નુકસાન થયું નથી. આ દુર્ઘટના વિશે ફાયર બ્રિગેડના અધિકારી વિશાલ યાદવે જણાવ્યું હતું કે અમારી પાસે અનુરાગ નામના વ્યક્તિનો કોલ આવ્યો હતો. તેણે જણાવ્યું હતું કે પાર્કિંગમાં ઉભેલી કારને આગ લાગી છે. જેના લીધે બાજુમાં પાર્ક કરેલી બીજી ગાડી પણ અડધી સળગી ગઇ હતી. આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. બધા લોકો સુરક્ષિત છે. આ ઘટના સવારે ૭ વાગે બની હતી. મહાકુંભનો આજે ૧૩મો દિવસ છે. શનિવારે સવારે કિલા ઘાટ પર યમુનામાં એક બોટ પલટી ખાઇ ગઇ હતી. બોટમાં સવાર ૧૦ લોકો ડૂબવા લાગ્યા હતા પરંતુ પોલીસે લાઈફ જેકેટ અને રિંગ્સ ફેંકીને તમામને બચાવી લીધા છે. જ્યાં અકસ્માત સર્જાયો હતો ત્યાં યમુનાની ઉંડાઇ ૩૫ ફૂટ હતી. તમામને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

## ક્લિનિકલ ટ્રાયલમાં ભાગ લીધા બાદ યુવાનનું મૃત્યું

| (એજન્સી) બેંગ્લુર, તા. ૨૫ |

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં ૩૩ વર્ષીય વ્યક્તિના મૃત્યુથી ચકચાર મચી ગઈ છે. યુવાન તેના ભાઈના ઘરે મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે ભાઈની ફરિયાદ પર કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. ભાઈનો આરોપ છે કે તેના ભાઈએ એક R&D કંપનીના ક્લિનિકલ ટ્રાયલ્સમાં ભાગ લીધો હતો. આ પરીક્ષણમાં ભાગ લીધા પછી જ તેમની તબિયત બગડી. ભાઈએ મૃત્યુ માટે ક્લિનિકલ ટ્રાયલને જવાબદાર ઠેરવ્યું છે.

મોહમાયા છોડી સાધ્વી બન્યા મમતા કુલકર્ણી

## મમતા કુલકર્ણીએ કિન્નર આખાડામાં જઈને સંન્યાસ લીધો

**અરવિંદ કેજરીવાલે એનડીએ સરકારના બંને મહત્ત્વપૂર્ણ ભાગીદારોને તેમનું સમર્થન પાછું ખેંચવા વિચારણા કરવા કહ્યું છે**

| (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૫ |

મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાલમાં ચાલી રહેલા મહાકુંભ ૨૦૨૫ની યાત્રાએ જઈ રહ્યા છે. આ દરમિયાન ઘણાં શ્રદ્ધાળુઓ સંન્યાસ પણ લઈ રહ્યા છે. જેમાં અભિનેત્રી મમતા કુલકર્ણીનું નામ જોડાઈ ગયું છે. મમતા કુલકર્ણીએ કિન્નર આખાડામાં જઈને સંન્યાસ લીધો છે. જેની હવે તસવીરો સામે આવી છે. સંન્યાસ લીધા બાદ મમતા કુલકર્ણીને કિન્નર અખાડાના સંતો સાથે મુલાકાત કરી આશીર્વાદ લીધા હતા. આ દરમિયાન કિન્નર અખાડાના આચાર્ય મહામંડલેશ્વર લક્ષ્મીનારાયણ ત્રિપાઠીના નેતૃત્વમાં બધા જ સંસ્કારોની વિધિ પૂર્ણ કરી હતી. મમતા કુલકર્ણીએ સંન્યાસ લીધા પહેલા સંગમ પર જઈને શાહી સ્નાન કર્યું હતું. આ અવસર પર કિન્નર અખાડાના સંતોએ મમતા કુલકર્ણીનો દુગ્ધાભિષેક કર્યો હતો.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**અંક બંધ**

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ રવિવારના રોજ પ્રજાસત્તાક દિન હોવાથી ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત કાર્યાલય સંપૂર્ણ રજા રાખશે. જેથી તા. ૨૭ જાન્યુઆરી ૨૦૨૫નો અંક પ્રસિદ્ધ થશે નહી. તા. ૨૮ જાન્યુઆરીથી રાબેતા મુજબ અંક શરૂ થશે જેની સર્વેએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

## જમ્મુ-કાશ્મીર બાદ મહારાષ્ટ્રમાં ફેલાઈ રહી છે રહસ્યમય બીમારી

| (એજન્સી) જમ્મુ, તા.૨૫ |

જમ્મુ-કાશ્મીર બાદ મહારાષ્ટ્રના પૂણેમાં એક રહસ્યમય બીમારી ફેલાઈ છે. અત્યાર સુધીમાં ૭૩ લોકો આ બીમારીના ઝપેટમાં આવ્યા છે. પૂણેની ત્રણ હોસ્પિટલોએ આ અંગે સ્થાનિક અધિકારીઓને ચેતવણી આપી છે. આ બીમારી નવજાત શિશુઓને પણ અસર કરી રહી છે. મહારાષ્ટ્ર સરકાર આ રોગ અંગે સતર્ક છે, જ્યારે આ મામલો કેન્દ્ર સરકાર સુધી પહોંચ્યો છે. એવું કહેવાય છે કે આ બીમારી ગુઈલેન-બેરે સિન્ડ્રોમ (GBS) છે. આ સિન્ડ્રોમ માનવ રોગપ્રતિકારક શક્તિને નિશાન બનાવે છે. રાહતની વાત એ છે કે આ રોગની સારવાર શક્ય છે. અહેવાલો અનુસાર, પૂણેના સ્થાનિક સમુદાયોમાં દર મહિને એક કે બે જીબીએસ દર્દીઓ નોંધાય છે. પરંતુ છેલ્લા એક અઠવાડિયામાં જીબીએસથી પીડિત ૧૪ દર્દીઓને વેન્ટિલેટર પર રાખવા પડ્યા. ત્યારબાદ મહારાષ્ટ્ર આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયો અને ઘરે ઘરે જઈને સર્વે શરૂ કરવામાં આવ્યો. આ દરમિયાન કોઈ જીબીએસ દર્દી છે કે નહીં તે શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સાથે લોકોમાં જાગૃતિ પણ ફેલાવવામાં આવી. બે દિવસમાં મ્યુનિસિપલ અને જિલ્લા આરોગ્ય કર્મચારીઓએ લગભગ ૭,૨૦૦ ઘરોનો સર્વે કર્યો.

## પ્રજાસત્તાક દિવસ પર વીરતા પુરસ્કારોની જાહેરાત કરાઈ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

પ્રજાસત્તાક દિવસ ૨૦૨૫ ના અવસરે, પોલીસ, ફાયર, હોમગાર્ડ અને નાગરિક સુરક્ષા અને સુધારાત્મક સેવાઓના ૯૪૨ કર્મચારીઓને શૌર્ય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આમાં, ૯૫ સૈનિકોને શૌર્ય ચંદ્રક, ૧૦૧ ને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક, ૭૪૬ ને પ્રશંસનીય સેવા માટે ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. ૯૫ વીરતા પુરસ્કારોમાંથી મોટાભાગના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં તૈનાત સૈનિકોને આપવામાં આવ્યા હતા. આમાં, નક્સલવાદી વિસ્તારના ૨૮ સૈનિકો, જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રના ૨૮ સૈનિકો, ઉત્તર-પૂર્વના ૦૩ સૈનિકો અને અન્ય વિસ્તારોના ૩૬ સૈનિકોને તેમના વીરતાપૂર્ણ કાર્યો માટે સન્માનિત કરવામાં આવી રહ્યા છે. આમાં ૭૮ પોલીસકર્મીઓ અને ૧૭ ફાયર સર્વિસ કર્મચારીઓનો સમાવેશ થાય છે. વિશિષ્ટ સેવા માટે ૧૦૧ રાષ્ટ્રપતિ ચંદ્રકો (પીએસએમ)માંથી ૮૫ પોલીસ સેવાને, ૫ ફાયર સર્વિસને, ૦૭ સિવિલ ડિફેન્સ-હોમગાર્ડ્સને અને ૦૪ રિફોર્મ્સ ડિપાર્ટમેન્ટ (Reforms Department) ને એનાયત કરવામાં આવ્યા છે. સરાહનિય સેવા (MSM) માટે ૭૪૬ મેડલમાંથી, ૬૩૪ પોલીસ સેવાને, ૩૭ ફાયર સર્વિસને, ૩૯ સિવિલ ડિફેન્સ-હોમગાર્ડ્સને અને ૩૬ સુધાર સેવાને એનાયત કરવામાં આવ્યા છે.

ગણતંત્ર દિવસના ચીફ ગેસ્ટ સુબિયાંતોએ કર્યા વખાણ

## ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે સરંક્ષણ ક્ષેત્રમાં સહયોગ વધારવા પર સહમતી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિયાંતોએ નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન બંને દેશના નેતાઓએ અનેક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે સરંક્ષણ ક્ષેત્રમાં સહયોગ વધારવા પર સહમતી સધાઈ છે. આ સાથે જ બંને દેશો હવે સંરક્ષણ નિર્માણ અને સપ્લાઈ ચેનમાં સાથે મળીને કામ કરશે. તેમણે દરિયાઈ સુરક્ષા, સાયબર સુરક્ષા, આતંકવાદ વિરોધી પ્રયાસો અને કટ્ટરવાદને રોકવા પર ખાસ ધ્યાન આપવાની વાત કહી છે. આ ઉપરાંત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર સુધારવા અને વેપારી નવી તકો શોધવા પર પણ ચર્ચા થઈ છે. પીએમ મોદીએ ભારતની જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) અને મધ્યાહન ભોજન યોજનાના સફળ અમલીકરણને શેર કરવા માટે પહેલ કરી છે. આ વાતચીતમાં બંને દેશો વચ્ચે આપત્તિ વ્યવસ્થાપન જૂથોના સંયુક્ત અભ્યાસનું આયોજન કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે. ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રબોવો સુબિયાંતોએ પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનવા બદલ ખુશી વ્યક્ત કરી.

ટીમ ઈન્ડિયાના સિલેક્ટર્સ પર ભડક્યો હરભજન સિંહ

## ટીમમાં સંજુ સેમસનને સ્થાન ન મળતા હરભજનસિંહ નારાજ

| (એજન્સી) મુંબઈ, તા.૨૫ |

ગયા અઠવાડિયે BCCIએ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ૧૫ ખેલાડીઓની ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. આ ટીમમાં વિકેટકીપર તરીકે રિષભ પંત અને કેએલ રાહુલને પસંદ કરવામાં આવ્યા છે. પરંતુ આ યાદીમાં સંજુ સેમસનને સ્થાન ન મળતા હરભજન સિંહ નારાજ થઈ ગયો છે. તેણે કહ્યું કે, સેમસનની વનડેમાં સરેરાશ ૫૫-૫૬ની રહી છે, તો પણ તેને રમવાની તક આપવામાં આવી નથી. આ સિવાય તે યુઝવેન્દ્ર ચહલને ટીમમાં સામેલ ન કરવાના નિર્ણયથી પણ નાખુશ છે. વર્લ્ડકપ ૨૦૨૩ પહેલાથી જ કેએલ રાહુલ વનડે ફોર્મેટમાં વિકેટકીપર તરીકે ટીમ મેનેજમેન્ટની પહેલી પસંદ હતો. તો બીજી તરફ ઈજા બાદ પરત ફરેલા રિષભ પંતને બેકઅપ વિકેટકીપર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

પોતાની સગીર દીકરીઓની પણ ચિંતા નથી : સુપ્રીમ

## કેવા માણસ છો, માનવી-પશુ વચ્ચેનું અંતર જ ખતમ કરી દીધું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ |

સુપ્રીમ કોર્ટે એક વ્યક્તિને અલગ રહેતી પોતાની પત્ની અને સગીર દીકરીને ઘરેથી કાઢી મૂકવાને લઈને ફટકાર લગાવી છે. કોર્ટે કહ્યું કે, આ પ્રકારના વ્યવહારથી માનવ અને પશુની વચ્ચેના અંતરને જ ખતમ કરી દેવાયું છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટીન એન કોટિશ્વર સિંહની ખંડપીઠે સવાલ કર્યો કે, તમે કેવા પ્રકારના વ્યક્તિ છો? પોતાની સગીર દીકરીઓની પણ ચિંતા નથી? સગીર દીકરીઓએ આ દુનિયામાં આવીને શું ખોટું કર્યું છે? ખંડપીઠે પોતાની નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, આનો રસ ફક્ત સંતાન પેદા કરવામાં જ હતો. અમે આવા ક્રૂર વ્યક્તિને કોર્ટમાં પ્રવેશની મંજૂરી જરાય ન આપી શકીએ. આખો દિવસ ઘરે ક્યારેક સરસ્વતી પૂજા અને ક્યારેક લક્ષ્મી પૂજા અને પછી આવું બધું. સમગ્ર મામલે તથ્ય જાણીને ખંડપીઠે કહ્યું કે, અમે આ વ્યક્તિને કોર્ટમાં પ્રવેશની મંજૂરી નહીં આપીએ, જ્યાં સુધી તે પોતાની દીકરી અને અલગ રહેતી પત્નીને ભરણપોષણ અથવા ખેતીની જમીન નથી આપતો. ખંડપીઠે વકીલને કહ્યું, આ વ્યક્તિને કહો કે, પોતાની દીકરીના નામે ખેતીની અમુક જમીન અથવા અમુક રકમ ફિક્સ્ડ ડિપોઝિટ કરે, નહીંતર ભરણપોષણની રકમ આપી દે.

# ગુજરાતના 2 IPS સહિત 11 પોલીસ કર્મીઓને પ્રેસિડેન્ટ એવોર્ડની જાહેરાત

## પ્રજાસત્તાક દિવસના પ્રસંગે વિશિષ્ટ સેવા/પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રકો મહામહિમ રાષ્ટ્રપતિનાઓએ જાહેર કર્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

આવતીકાલે એટલે કે ૨૬મી જાન્યુઆરીએ દેશભરમાં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવશે. ગણતંત્ર દિવસ નિમિત્તે વીરતા પુરસ્કારોની પણ જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે ૯૪૨ જવાનોને શૌર્ય પુરસ્કાર આપવામાં આવશે. આ યાદીમાં અનેક પોલીસ અધિકારીઓ, ફાયર ઓફિસર, હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સ સર્વિસના જવાનો અને અધિકારીઓના નામ સામેલ છે.

દેશના ૯૪૨ જવાનોને રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત કરવામાં આવશે. જેમાં ૯૫ જવાનોને વીરતા પદક, ૧૦૧ જવાનોને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક અને ૭૪૬ જવાનોને સરાહનીય સેવા માટે ચંદ્રકથી સન્માનિત કરવામાં આવશે.

આ લિસ્ટમાં ગુજરાતના ૧૧ જવાનોનો નામ પણ સામેલ છે. જેમાં ગુજરાતના બે મોટા અધિકારીને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક (PSM) થી સન્માનિત કરવામાં આવશે.

પ્રજાસત્તાક દિવસ ૨૦૨૫ના પ્રસંગે ગુજરાત રાજ્ય પોલીસ દળના કુલ-૧૧ પોલીસ અધિકારીઓ તથા જવાનોને મહામહિમ રાષ્ટ્રપતિના હસ્તે પોલીસ ચંદ્રકો માટે જાહેરાત કરાઈ છે. જેમાં ૨ વિશિષ્ટ સેવા પોલીસ ચંદ્રક તથા ૦૯ પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રકો જાહેર કરાયા છે.

ગુજરાત રાજ્ય પોલીસ દળના કુલ-૧૧ પોલીસ અધિકારીઓ તથા જવાનો..

બ્રજેશકુમાર ઝા. (IPS) અધિક પોલીસ મહાનિદેશક - પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર

દિગ્વિજયસિંહ પથુભા ચુડાસમા, નાયબ પોલીસ અધિક્ષક - પોલીસ મહાનિદેશકની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર

નિલેશ જાજડીયા, (IPS) પોલીસ મહાનિરીક્ષક - પોલીસ મહાનિરીક્ષક, જુનાગઢ વિભાગ, જુનાગઢ

ચિરાગ કોરડીયા, (IPS) પોલીસ મહાનિરીક્ષક - પોલીસ મહાનિરીક્ષક, સરહદી વિભાગ, કચ્છ-ભુજ

અશોકકુમાર રામજીભાઈ પાંડોર, હથિયારી નાયબ પોલીસ અધિક્ષક - રા.અ.પો.દળ જુથ-૧૫ની કચેરી, ઓ.એન.જી.સી. મહેસાણા

દેવદાસ ભીખાભાઈ બારડ, હથિયારી નાયબ પોલીસ અધિક્ષક - રા.અ.પો.દળ જુથ-૧૮ની કચેરી, એકતાનગર, નર્મદા

બાબુભાઈ જેઠાભાઈ પટેલ, બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર - અધિક પોલીસ મહાનિદેશકની કચેરી, એ.ટી.એસ. અમદાવાદ શહેર

હિરેનકુમાર બાબુલાલ વરણવા, હથિયારી એ.એસ.આઈ. - પોલીસ અધિક્ષકની કચેરી, જામનગર

હેમાંગકુમાર મહેશકુમાર મોદી, અનાર્મ હેડ કોન્સ્ટેબલ - પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર

મુકેશકુમાર આનંદપ્રકાશ નેગી, એ.આઈ.ઓ - અધિક પોલીસ મહાનિદેશકની કચેરી. (ઈન્ટે) ગુ.રા ગાંધીનગર (વડોદરા રીજીયન)

સુરેન્દ્રસિંહ દિલીપસિંહ યાદવ, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ - પોલીસ અધિક્ષકની કચેરી, ગાંધીનગર

**ન્યૂઝ બ્રિફ**

### પ્રવાસન વિભાગ દ્વારા નળ સરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

નળસરોવર જતા મુસાફરો માટે ખાસ સમાચાર સામે આવ્યા છે. જેમાં બે દિવસ માટે નળસરોવર પર જનતા માટે પ્રવેશબંધી કરવામાં આવી છે. રાજ્યમાં આવેલા પક્ષી અભયારણ્ય નળસરોવર ખાતે દર વર્ષે દેશ-પરદેશના પક્ષીઓ આવતા હોય છે. ભારતીય વન્યપ્રાણી સંરક્ષણ કાનૂન (Wildlife Protection Act, 1972) હેઠળ વિશ્વભરમાંથી આવતા પક્ષીઓ અને પ્રાણીઓની સંખ્યા સહિતની માહિતી એકત્ર કરવામાં આવે છે. જેમાં આગામી ૨૫-૨૬ જાન્યુઆરી, ૨૦૨૫એ નળસરોવર ખાતે પક્ષીઓની ગણતરી કરવાની હોવાથી બે દિવસ માટે નળસરોવર પર જનતા માટે પ્રવેશબંધી કરવામાં આવી છે. ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા નળસરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે. ત્યારે નળસરોવર ખાતે પક્ષીઓની ગણતરી અને મોનિટરિંગની કામગીરી થવાની હોવાથી બે દિવસ માટે પર્યટકોનો પ્રવેશ બંધ રહેશે. પક્ષીઓની ગણતરી દરમિયાન કોઈપ્રકારની હરકત કે ખલેલ ન થાય તેને લઈને આ પ્રકારનો નિર્ણય કરાયો છે. નળસરોવર ખાતે પક્ષીઓની ગણતરીની કામગીરી સમયે ખુબજ ધીરજતા અને નિશ્ચિચતા આવશ્યક છે.

### સુરતમાં કૌટુંબિક ઝઘડામાં ડોક્ટર ઉપર એસિડ એટેક

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરતના ગોડાદરા વિસ્તારમાં ગુરુવારે રાત્રે ડૉક્ટર ઉપર તેના જ ક્લિનિકમાં અજાણ્યાએ એસિડ એટેક કર્યો હતો. પાછળથી આ હુમલાખોર ડોક્ટરનો કૌટુંબિક સંબંધી જ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. એસિડ એટેક પછી ડોક્ટર હુમલાખોરને ધક્કો મારી મદદ માટે ક્લિનીકની બહાર દોડી આવ્યા હતા. સારવાર માટે તબીબને દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જણાવાય છે.આધારભૂત સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ સુરતના ગોડાદરા વિસ્તારમાં શ્રી સાંઈ ક્લિનિક ચલાવતા ડૉક્ટર શામજી બલદાણીયા ગુરુવાર રાત્રે તેમના ક્લિનિકમાં હાજર હતા, તે સમયે એક અજાણ્યો શખ્સ ત્યાં આવ્યો હતો અને બહાર ચંપલ કાઢી થેલામાંથી કેરબો કાઢી અંદર આવ્યો હતો. ડૉક્ટર કંઈક સમજે તે પહેલાં જ તે વ્યક્તિએ કેરબામાંથી કેમિકલ ડૉક્ટરના ચહેરા ઉપર ફેંક્યુ હતું. ડોક્ટરની આંખોમાં બળતરા થતાં તેમણે તે વ્યક્તિને જોરથી ધક્કો માર્યો હતો. એટલે વ્યક્તિ ક્લિનીકની બહાર પાર્ક કરેલા મોપેડ અને દાદરની વચ્ચે પટકાયો હતો. ડૉક્ટર મદદ માટે બહાર દોડી આવતા તે વ્યક્તિ જાણે કશું થયું નથી તે રીતે ઉભો થઈને ત્યાંથી ચાલ્યો ગયો હતો. ડૉક્ટરની મદદની બૂમો સાંભળી બાજુમાં મેડિકલ સ્ટોર ચલાવતા સંચાલક અને અન્યો દોડી આવ્યા હતા. ડૉક્ટરને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતાં, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું તબીબો જણાવી રહ્યાં છે.લોકોને સ્થળ પરથી જે કેરબો મળ્યો હતો તેના ઉપર સલ્ફ્યુરિક એસિડ લખેલું હતું. આ બનાવમાં એક વ્યક્તિના શર્ટ ઉપર કેમિકલ ઉડતા કાણા પડી ગયા હતા.

**ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં ચોંકાવનારી વિગતો**

# ચિરાગ રાજપુત અને રાહુલ જૈન સમગ્ર કૌભાંડને અંજામ આપતા

## ક્રાઇમબ્રાંચને ખ્યાતિ કાંડમાં અનેક મહત્વની વિગતો મળી

## પીએમજેએવાય કૌભાંડ કરીને કરોડોની આવક થતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં કાર્તિક પટેલે ચોંકાવનારી વિગતો આપી છે. જેમાં ક્રાઈમબ્રાંચે કેસને લગતી અન્ય માહિતી મેળવવા માટે કાર્તિક પટેલ, ચિરાગ રાજપુત અને રાહુલ જૈનને સાથે રાખીને પુછપરછ કરી હતી. જેમાં ખુલાસો થયો હતો કે કાર્તિક પટેલને પીએમજેએવાય દ્વારા ખ્યાતિ હોસ્પિટલમાં કરોડોની આવક થતા તેણે અમદાવાદમાં વધુ ચાર હોસ્પિટલ બનાવવાની યોજના તૈયાર કરી હતી. ઉલ્લેખનીય છે કે કાર્તિક પટેલે ખ્યાતિ મેડીકેર નામની કંપની પણ બનાવી હતી. આ ઉપરાંત, તે ચિરાગ રાજપુતને ધંધો વધારવા માટે સતત દબાણ કરતો હતો અને હોસ્પિટલમાં ખોટ બતાવવા માટે ડમી કર્મચારીઓ બતાવીને પગાર ચુકવવામાં આવતો હતો. આમ, ખ્યાતિ કાંડ કેસમાં કાર્તિક પટેલ સંડોવણીના વધુ પુરાવા પોલીસને હાથ લાગ્યા છે. ખ્યાતિ હોસ્પિટલ કાંડ કેસમાં મુખ્ય આરોપી કાર્તિક પટેલની ધરપકડ બાદ ક્રાઈમબ્રાંચને તપાસમાં અનેક ચોંકાવનારી વિગતો સામે આવી રહી. કાર્તિક પટેલ સમગ્ર કૌભાંડની વાકેફ હોવાનું જાણવા મળ્યું હતું અને તેની સુચના મુજબ ચિરાગ રાજપુત અને રાહુલ જૈન સમગ્ર કૌભાંડને અંજામ આપતા હતા. ત્યારે ક્રાઈમબ્રાંચના સ્ટાફે રાહુલ જૈન અને ચિરાગ રાજપુત તેમજ કાર્તિક પટેલને સાથે રાખીને પુછપરછ કરી હતી.

જેમા ત્રણેય આરોપીઓએ ખ્યાતિકાંડ મામલે નવા ખુલાસા જાહેર કર્યા હતા. જેમાં જાણવા મળ્યું હતું કે પીએમજેએવાય કૌભાંડ કરીને કરોડો રૂપિયાની આવક થતી હોવાથી કાર્તિક પટેલે અમદાવાદમાં ગોતા, સાબરમતી, નરોડા અને પૂર્વ વિસ્તારમાં નવી ચાર હોસ્પિટલ બનાવવાનું નક્કી કર્યું હતું. જે માટે કાર્તિક પટેલે ખ્યાતિ મેડીકેર નામની કંપની સ્થાપી હતી. જેમાં તે ડાયરેક્ટર તરીકે હતો. આ હોસ્પિટલ તૈયાર કરવાની તમામ જવાબદારી ચિરાગ રાજપુતને સોંપવામાં આવી હતી. ખ્યાતિ હોસ્પિટલને નુકશાન કરતી બતાવવા માટે પણ કાર્તિક પટેલે તેની મંડળી સાથે મળીને અનેક ખોટા રસ્તા અપનાવ્યા હતા. જેમાં તેણે ચિરાગ રાજપુતના સંબધીઓને હોસ્પિટલમાં કર્મચારી તરીકે દર્શાવીને પગાર કર્યા બાદ નાણાં બારોબાર ઉઠાવી લેતા હતા.

જે માટે બનાવટી અલોટમેન્ટ લેટર પણ તૈયાર કર્યા હતા. પીએમજેએવાય દ્વારા થતી સારવારમાં સારી આવક થતા કાર્તિક પટેલે ચિરાગ રાજપુત અને રાહુલ જૈન પર સતત દબાણ વધાર્યું હતુ. આમ, ક્રાઈમબ્રાંચને ખ્યાતિ કાંડમાં અનેક મહત્વની વિગતો મળી છે.

# ૨ વર્ષમાં પર્યટન સ્થળો-ઉત્સવોમાં ૩૫.૮૯ કરોડ પ્રવાસી જોડાયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

સમગ્ર દેશમાં દર વર્ષે ૨૫ જાન્યુઆરી 'રાષ્ટ્રીય પર્યટન દિવસ' તરીકે ઉજવાઈ છે. દેશભરમાં વર્ષ ૨૦૨૫માં રાષ્ટ્રીય પર્યટન દિવસ ટુરિઝમ ફોર ઈન્કલુસિવ ગ્રોથની થીમ ઉપર ઉજવાશે. ગુજરાતમાં વાઈબ્રન્ટ નવરાત્રિ, ધોરડો રણોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, સાપુતારા મેઘ મલ્હાર, તરણેત્તર મેળો, માધવપુર મેળો, કાંકરિયા કાર્નિવલ જેવા અનેક ઉત્સવો, સોમનાથ, દ્વારકા, અંબાજી, સૂર્યમંદિર મોઢેરા, રાણીની વાવ, હેરીટેજ સિટી અમદાવાદ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ સહિત વિવિધ પ્રવાસન સ્થળો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પરિણામ સ્વરૂપ ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ૧૭.૨૬ કરોડથી વધુ અને વર્ષ ૨૦૨૪માં ૧૮.૬૨ કરોડ એમ છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા છે. ગુજરાતમાં છેલ્લા ૨ વર્ષમાં મુખ્યત્વે સૌથી વધુ વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવમાં ૨૩.૧૨ લાખ પર્યટકો નોંધાયા છે. જ્યારે કચ્છમાં યોજાતા ધોરડો રણોત્સવમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં ૭.૫૨ લાખ એમ કુલ મળીને ૧૪.૯૪ લાખ પર્યટકો નોંધાયા છે. જ્યારે છેલ્લા ૨ વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૯.૨૯ લાખ, સાપુતારા મેઘ મલ્હાર ફેસ્ટિવલમાં ૫ લાખ અને તરણેતર મેળામાં ૪ લાખથી વધુ પ્રવાસીઓ-નાગરિકોએ મુલાકાત લીધી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસની સાથે ઉત્સવોને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૫માં ફક્ત ૩ દિવસના આયોજન સાથે કચ્છના રણમાં ધોરડો ખાતે 'રણોત્સવ'ની શરૂઆત કરાવી હતી. જે આજે ગ્લોબલ ઈવેન્ટ બની ગઈ છે. કચ્છનું રણ 'રણોત્સવ'થી વિશ્વ પ્રવાસનનું તોરણ બન્યું છે. યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા ધોરડોને બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. આ વર્ષે આયોજિત પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજ્યોમાંથી ૪૭ પતંગબાજોએ ભાગ લીધો હતો. જ્યારે ગુજરાતના ૧૧ શહેરોમાંથી ૪૧૭ પતંગબાજો એમ કુલ ૬૦૭ પતંગબાજોએ ભાગ લીધો હતો.રાજ્યના પ્રવાસન નિગમ દ્વારા દર વર્ષે અમદાવાદમાં વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રિ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. વિશ્વના સૌથી લાંબા નૃત્ય મહોત્સવ તરીકે ઓળખાતા વાઈબ્રન્ટ ગુજરાત નવરાત્રિ ઉત્સવ ૧૦ દિવસનો ઉત્સવ છે. છેલ્લા ૨ વર્ષમાં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવમાં અંદાજે ૨૩.૧૨ લાખથી વધુ ખેલૈયાઓ સહભાગી થયા હતા. છોટા ઉદેપુરના હાફેશ્વર ગામને કેન્દ્રના પર્યટન મંત્રાલય દ્વારા હેરીટેજ કેટેગરીમાં 'શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન-૨૦૨૪'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. એક અંદાજ મુજબ વાર્ષિક એક લાખથી વધુ પ્રવાસીઓ હાફેશ્વરની મુલાકાતે આવે છે.

**પોલીસે સેન્ટ્રલ આઈબીને જાણ કરી વધુ તપાસ શરૂ કરી**

# રાજકોટમાંથી બે બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાઈ ગયા

## બંને શખસો પડધરી તાલુકાના રંગપર ગામ પાસે ભાડાના મકાનમાં રહેતા હતા અને કારખાનામાં મજૂરી કરતા હતા

। (એજન્સી) રાજકોટ, તા.૨૫ ।

રાજકોટ જિલ્લામાંથી પ્રજાસત્તાક પર્વની ઉજવણી પૂર્વે ગેરકાયદેસર રીતે વસવાટ કરતા બે બાંગ્લાદેશી શખસોની ધરપકડ કરવામાં આવી છે. બે મહિનાથી બંને શખસો પડધરી તાલુકાના રંગપર ગામ પાસે ભાડાના મકાનમાં રહેતા હતા અને કારખાનામાં મજૂરી કરતા હતા. આ બંને શખસોને પોલીસે નજરકેદ કરી સેન્ટ્રલ આઈબીને જાણ કરી વધુ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, રાજકોટ રેન્જ આઈજી અશોક કુમાર યાદવ તથા પોલીસ અધિક્ષક હિમકર સિંહની સુચનાથી ગ્રામ્ય એસઓજીના પીઆઈ એફ.એ. પારગી અને તેમની ટીમે જિલ્લામાં ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશી ઘુસણખોરોને પકડવા માટે ઓપરેશન શરૂ કર્યુ હતું. જેમાં ચેકીંગ દરમિયાન જિલ્લાના પડધરી તાલુકાના રંગપર ગામના પાટિયા પાસે મારૂતી સોસાયટી બ્લોક નં. ૩ માં રહેતા મુળ બાંગ્લાદેશના ઢાંકા રાજધાનીના જોસર જિલ્લાના મોનીરાપુર થાનાના વતની સોહિલ હુસેન યાકુબઅલી ઉ.વ.૩૦ અને વિપોન હુસેન અમીરૂલઈસ્લામ ઉ.વ.૨૮ની ધરપકડ કરી હતી. આ બંને શખસોની પુછપરછ કરતા તેઓ બે મહિના પૂર્વે બાંગ્લાદેશથી જંગલમાર્ગે એજન્ટ મારફત બંગાળમાં ઘૂસ્યા હતા ત્યારબાદ ત્યાંથી ટ્રેન મારફત અમદાવાદ અને રાજકોટ થઈ પડધરી પહોંચ્યા હતા. તેઓ પડધરી પહોંચી ભાડાના મકાનમાં રહેવા લાગ્યા હતા અને અહીં નજીકમાં જ પ્લાસ્ટિક ફેકટરી આવેલી હોય ત્યાં મજૂરી કરવા લાગી ગયા હતા. હાલ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# સુરતમાં ચોરે ૧૨ લાખની ચોરી કરી સીસીટીવી સામે માફી માગી

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરત શહેરના ઉધના વિસ્તારમાં આવેલા રઘુપતિ ફેશન નામના કારખાનામાં ૧૧.૮૫ લાખ રૂપિયાની ચોરીનો બનાવ સામે આવ્યો હતો. ચોરી કરવા આવેલા ચોરે બુકાની પહેરી હતી. ચોરી કર્યા બાદ ચોરે પોતાનાં હાથથી કોરા કાગળ પર 'આપ કા કારીગર' નામની ચિઠ્ઠી લખી અને ટેબલ પર મૂકી ગયો હતો. એટલું જ નહીં, પત્ર લખ્યા બાદ આરોપી સીસીટીવી સામે દસ વાર નમીને માફી માંગી રહ્યો હતો. શરૂઆતમાં પોલીસે વિચાર્યુ કે આ કારીગરે ચોરી કરી હશે, પરંતુ જ્યારે તપાસ આગળ વધી, ત્યારે ચોર કોઈ અન્ય નહીં પરંતુ રીઢો ગુનેગાર નીકળ્યો હતો. પોલીસને ગુમરાહ કરવા માટે કારીગરના નામે પત્ર મૂક્યો હતો અને ચોરી કર્યા બાદ પત્નીને ફ્લાઈટથી ઓરિસ્સા મોકલી દીધી હતી.

# પોલીસ ભરતીમાં ઊંચાઇના વિવાદને લઇને ઉમેદવારની હાઈકોર્ટમાં રિટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।



પોલીસ વિભાગમાં ભરતી પામવા માટે ઉમેદવારો એડી ચોટીનું જોર લગાવતાં હોય છે. શારીરિક કસરત સહિત તમામ મામલે લાયક ઠરવા માટેના પ્રયત્નો છતાંય ક્યારેક કેટલાક એવા કિસ્સા સામે આવે છે, જે ભરતીમાં ઊભા થતાં આશ્ચર્યજનક વિવાદોની ચાડી ખાય છે. એવો જ એક કિસ્સો હાઈકોર્ટ સમક્ષ આવ્યો છે. જેમાં ઉમેદવારની ઊંચાઈને લઈને વિવાદ હોવાનું સામે આવ્યું હતું. અરજદારની દલીલ હતી કે સોલા સિવિલમાં તેની ઊંચાઈ ૧૬૪.૯ CM બતાવવામાં આવી હતી, જ્યારે પોલીસ ભરતીમાં ૧૬૪ CM બતાવીને તેને ગેરલાયક ઠેરવ્યો હતો.

આ સમગ્ર મામલે હાઈકોર્ટે સોલા સિવિલમાં ઊંચાઈ માપીને જણાવવા માટેના નિર્દેશ આપ્યા છે. હાઈકોર્ટમાં મહીસાગરના એક ઉમેદવાર દ્વારા હાઈકોર્ટમાં એડવોકેટ ગૌરાંગ ચૌહાણ મારફતે અરજી દાખલ કરાઈ હતી. અરજદારે તાજેતરમાં બહાર પાડવામાં આવેલી ૧૧ હજારથી વધુ પોલીસ કર્મચારીઓની ભરતીમાં ઉમેદવારી નોંધાવી હતી. જેમાં તેનો ફિઝિકલ ટેસ્ટ માટેનો નંબર ૧૦મી જાન્યુઆરીએ કપડવંજ ખાતે આવ્યો હતો. તે ભરતીની પ્રક્રિયામાં ભાગ લેવા પહોંચ્યો હતો અને દોડવાની પરીક્ષામાં તે પાસ થયો હતો, જો કે તેની ઊંચાઈ 164 CM નીકળતા તેને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો. પુરુષો માટે ઊંચાઈની લાયકાત 165 CM નક્કી કરવામાં આવી છે. અરજદાર પોતે SEBC કેટેગરીમાંથી છે. જેની ઉંચાઈ પણ નિયમો મુજબ ૧૬૫ CM હોવી જોઈએ.અગાઉના વર્ષોમાં પણ લોકરક્ષક ભરતીની એક પરીક્ષામાં અરજદારે ઉમેદવારી નોંધાવી હતી. જેમાં પણ આ જ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. જેમાં હાઈકોર્ટે સોલા સિવિલ હોસ્પિટલમાં તેની ઊંચાઈની માપણી કરવા નિર્દેશ આપતા, તેની ઊંચાઈ 164.9 CM નીકળી હતી અને હાઈકોર્ટે અરજદારની અરજી તે વખતે મંજૂર કરી હતી. જો કે તે લેખિત પરીક્ષામાં નાપાસ થયો હતો. આ અરજીમાં હાઈકોર્ટે ઓથોરિટીને નોટિસ પાઠવીને વધુ સુનાવણી ૧૦મી ફેબ્રુઆરીએ રાખી છે. તેમજ અરજદારને તે દરમિયાન સોલા સિવિલ હોસ્પિટલમાં ઊંચાઈ માપવા ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. અરજદારે અરજીના નિકાલ સુધી આ પોલીસ ભરતીમાં એક જગ્યા ખાલી રાખવા પણ માગ કરી છે. ભરતી બોર્ડની અપીલ કમિટીએ તેની અપીલ નકારી નાખતા તેને હાઈકોર્ટ આવવું પડ્યું હતું.

**DGPની પુત્રીના નામે ડાર્કવેબથી કરાયો ઈ-મેઈલ**

# વડોદરાની સ્કૂલમાં બોમ્બની ધમકી અંગે થયો ઘટસ્ફોટ

## આ મેલ NIAના મોસ્ટ વોન્ટેડ મુપલ્લા લક્ષ્મણના ઈમેલ પરથી તમિલનાડુના DGPના પુત્રીના નામે ધમકી આપી હોવાનું સામે આવ્યું છે

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।



વડોદરાની નવરચના સ્કૂલને બોમ્બ હોવાની ધમકી મળી હતી. શુક્રવારે (૨૪મી જાન્યુઆરી) સ્કૂલમાં બોમ્બ હોવાનો પ્રિન્સિપાલને મેઈલ મળ્યો હતો. આ બોમ્બની ધમકીના પગલે સ્કૂલ અને પોલીસ તંત્ર દોડતું થયું હતું. હવે આ મામલે પોલીસ તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે. આ મેલ NIAના મોસ્ટ વોન્ટેડ મુપલ્લા લક્ષ્મણના ઈમેલ પરથી તમિલનાડુના DGPના પુત્રીના નામે ધમકી આપી હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી અનુસાર, નવરચના સ્કૂલને બોમ્બ હોવાની ધમકી મામલે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, ધમકી ભર્યો ઈમેલના મામલામાં NIA ના મોસ્ટ વોન્ટેડ મુપલ્લા લક્ષ્મણના ઈ-મેલ પરથી તમિલનાડુના DGPના પુત્રીના નામે આ ધમકી આપી છે. mail2tor.com નામના ડાર્કવેબ પરથી ધમકીભર્યો ઈ-મેઈલ મોકલાયો હતો. તેણે ડ્રગ્સ કેસથી ધ્યાન હટાવવા બ્લાસ્ટની જરૂર છે, તેવું ઈ-મેઈલમાં લખ્યું હતું. ઈ-મેઈલ ક્યાંથી આવ્યો તેની પોલીસે હાલ તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, ભાયલી સ્થિત નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલના મહિલા પ્રિન્સિપાલને મોડી રાતે સાડા ત્રણ વાગ્યે ધમકીભર્યો મેલ આવ્યો હતો કે, નવરચનાની સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. મેલ વાંચ્યા પછી તેમણે અન્ય સ્કૂલના પ્રિન્સિપાલ અને ટ્રસ્ટીઓને જાણ કરી હતી. કમિટિએ ચર્ચા કર્યા પછી સવારે સાત વાગ્યે પોલીસને જાણ કરવામાં આવતા તાલુકા પોલીસ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્કૂલમાં દોડી ગયા હતા. આ ઉપરાંત સમા વિસ્તારની અન્ય બે સ્કૂલો પર વડોદરા સિટિ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા. બોમ્બની ધમકીને ગંભીરતાથી લઈને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ તથા ડોગ સ્કવોડને તાબડતોબ સ્કૂલ પર બોલાવી લેવામાં આવ્યા હતા. નવરચના ઈન્ટરનેશનલમાં પોલીસનું સર્ચ અભિયાન ચાલ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨







નવી દિલ્હીમાં ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા શ્રેષ્ઠ ચૂંટણી પ્રથા પુરસ્કારો અર્પણ કરવામાં આવ્યા.

### અમેરિકામાં માસ ડિપોર્ટેશન શરૂ

# બે મિલિટરી એરક્રાફ્ટમાં ૧૬૦ ઈમિગ્રન્ટ્સ ડિપોર્ટ કરાયા

## ટેક્સાસના ફોર્ટ બ્લીસના બિગ્સ આર્મી એરફિલ્ડ પરથી ટેકઓફ થયેલા આ બંને એરક્રાફ્ટ્સ ગ્વાટેમાલા મોકલવામાં આવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ડોનાલ્ડ ટ્રમ્પના પ્રેસિડેન્ટ બન્યાને એક અઠવાડિયા જેટલો સમય પણ હજુ પૂરો નથી થયો તેવામાં ICEની ઉપરાછાપરી પડી રહેલી રેડ ઉપરાંત અમેરિકામાંથી માસ ડિપોર્ટેશન પણ શરૂ થઈ ગયું છે. ૨૩ જાન્યુઆરીએ અમેરિકાથી બે મિલિટરી એરક્રાફ્ટ કુલ ૧૬૦ ઈલીગલ ઈમિગ્રન્ટ્સને લઈને રવાના થઈ હતી, અમેરિકન અધિકારીઓના જણાવ્યા અનુસાર ટેક્સાસના ફોર્ટ બ્લીસના બિગ્સ આર્મી એરફિલ્ડ પરથી ટેકઓફ થયેલા આ બંને એરક્રાફ્ટ્સ ગ્વાટેમાલા મોકલવામાં આવ્યા હતા. જે ઈમિગ્રન્ટ્સને આ ફ્લાઈટમાં મોકલવામાં આવ્યા હતા તેમણે હાલના દિવસોમાં જ મેક્સિકો



બોર્ડર પરથી અરેસ્ટ કરવામાં આવ્યા હતા. ટ્રમ્પે માસ ડિપોર્ટેશનમાં મિલિટરીને પણ સામેલ કરવાની વાત કરી હતી, મેક્સિકો બોર્ડર પર ૧૫૦૦ જેટલા સૈનિકોને તૈનાત કર્યા બાદ હવે મિલિટરી એરક્રાફ્ટમાં જ અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સનું ડિપોર્ટેશન પણ શરૂ કરવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં આવી વધુ ફ્લાઈટ્સ રવાના થવાની તૈયારીમાં છે. આ કાર્યવાહી સાથે સંકળાયેલા એક અધિકારીને ક્વોટ કરીને કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવું જણાવાયું હતું કે ઈલીગલ ઈમિગ્રન્ટ્સને તેમના દેશ પરત મોકલવામાં મિલિટરી એરક્રાફ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવી કદાચ આ પહેલી ઘટના છે. ટ્રમ્પ ૨.૦માં અમેરિકાથી રવાના થયેલી પહેલી રિમૂવલ ફ્લાઈટ્સના ફોટોગ્રાફ પણ વ્હાઈટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવીટ દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા હતા જેમાં હાથકડી પહેરાવેલા ઈમિગ્રન્ટ્સને પ્લેનમાં બેસાડતાં જોઈ શકાય છે. બાઈડનના કાર્યકાળ દરમિયાન પણ રિમૂવલ ફ્લાઈટ્સ રેગ્યુલરલી ઓપરેટ થતી હતી.

### અરુણાચલના મુખ્યમંત્રીએ વ્યક્ત કરી ચિંતા

# પૃથ્વીની પરિભ્રમણ ગતિ ધીમી પડી જાય તેવો ડેમ બનાવી રહ્યું છે ચીન

## ચીન આ ડેમની મદદથી ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોની અર્થવ્યવસ્થાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે

। (એજન્સી) ઈટાનગર, તા.૨૫ ।

ચીન ઈસ્ટર્ન તિબેટમાં દુનિયાનો સૌથી મોટો ડેમ બનાવવા જઈ રહ્યું છે. ચીનના આ પ્રોજેક્ટ પર ભારતે પણ ચિંતા વ્યક્ત કરી છે. તેમજ આખી દુનિયામાં ચીનના આ પ્રોજેક્ટ પર સવાલો ઉઠી રહ્યા છે. ચીન આ ડેમની મદદથી ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોની અર્થવ્યવસ્થાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પૂર્વોત્તરમાં પૂર અને દુષ્કાળ ચીનના હાથમાં રહેશે. ઉત્તર-પૂર્વના બે મોટા રાજ્યોના મુખ્યમંત્રીઓએ પણ ચીનના પ્રોજેક્ટ પર સવાલ ઉઠાવ્યા છે. ચીન વિશ્વનો સૌથી મોટો હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમ બનાવવા જઈ રહ્યું છે. જે અત્યાર સુધીના સૌથી મોટા ડેમ થ્રી ગોર્જ્સ કરતા ત્રણ



ગણો મોટો હશે. આ અંગે ભારતમાં ભારે હોબાળો મચી ગયો છે. કારણ કે ચીન આ ડેમ પૂર્વી તિબેટમાં બનાવી રહ્યું છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે તેના નિર્માણથી પૃથ્વીના પરિભ્રમણની ગતિમાં ફરક પડશે, કારણ કે તાજેતરમાં જ એવો દાવો કરવામાં આવ્યો છે કે થ્રી ગોર્જ્સના કારણે પૃથ્વીની ગતિમાં ફેરફાર થયો છે. એવામાં હવે તેનાથી ત્રણ ગણો મોટો ડેમ મોટા ફેરફાર લાવશે. હાલમાં જ અરુણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડુએ આ બંધને લઈને ચિંતા વ્યક્ત કરી છે. શુક્રવારે ડેમ પર વાત કરતા અરુણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડુએ ચેતવણી આપી હતી કે ચીન તેનો ઉપયોગ વોટર બોમ્બ તરીકે કરી શકે છે. ભારતીય સરહદ પાસે યાર્લુંગ ત્સાંગપો નદી પર બની રહેલા પાવર પ્લાન્ટ પર ધ્યાન દોરતા તેમણે કહ્યું કે તે ૬૦ હજાર મેગાવોટ વીજળી પેદા કરી શકે છે. નદી સિયાંગ તરીકે અરુણાચલ પ્રદેશમાં પ્રવેશે છે અને બાંગ્લાદેશમાં વહેતા પહેલા આસામમાં બ્રહ્મપુત્રા બની જાય છે. વિશ્વના સૌથી મોટા હાઈડ્રોઈલેક્ટ્રિક ડેમનું નિર્માણ અરુણાચલ પ્રદેશ, આસામ અને બાંગ્લાદેશના લાખો લોકોના જીવનને અસર કરી શકે છે.

### ન્યૂઝ બ્રિફ

## જમ્મુ કાશ્મીરમાં આતંકીઓએ સેનાના કેમ્પને ટાર્ગેટ બનાવ્યો



। (એજન્સી) શ્રીનગર, તા.૨૫ ।

જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લાના ઊંચાણવાળા વિસ્તારમાં શનિવાર વહેલી સવારે સેનાના જવાનો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયો. અધિકારીઓએ જણાવ્યું કે, શરુઆતી હુમલા બાદ ભાગેલા આતંકવાદીઓને શોધવા માટે મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. કઠુઆના બટોદ પંચાયતમાં એક અસ્થાયી સેના શિબિરની સતર્ક સંતરી ચોકીએ મોડી રાતે લગભગ ૧.૨૦ કલાકે સંદિગ્ધ આતંકી ગતિવિધિઓ શોધી કાઢી અને ગોળીબાર શરુ કરી દીધો. તેમણે કહ્યું કે, આતંકવાદીઓને જવાબી ગોળીબાર અને બંને પક્ષો વચ્ચે લગભગ અડધો કલાક સુધી રહી રહીને ગોળીબાર થતો.

## ગુજરાતી પત્રકાર કુશ દેસાઈ બન્યા ટ્રમ્પના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

અમેરિકાના નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દરરોજ કંઈક એવું કરતા રહે છે જે દુનિયાભરના લોકોનું ધ્યાન આકર્ષિત કરે છે. તાજેતરમાં તેમણે ભારતીય-અમેરિકન પત્રકાર કુશ દેસાઈને તેમના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી તરીકે નિયુક્ત કર્યા છે, જે ટ્રમ્પ સરકારમાં ભારતીયોના વધતા દબદબાની સાબિતી છે. કુશ દેસાઈ એક યુવા ભારતીય-અમેરિકન છે, જેમણે વર્ષ ૨૦૨૪ ના 'રિપબ્લિકન નેશનલ કન્વેન્શન' માટે ડેપ્યુટી કોમ્યુનિકેશન ડિરેક્ટર અને 'રિપબ્લિકન પાર્ટી ઓફ આયોવા' માટે કોમ્યુનિકેશન ડિરેક્ટર તરીકે સેવા આપી હતી.

## પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિરને મળ્યું FCRA લાઈસન્સ



। (એજન્સી) વૃંદાવન, તા.૨૫ ।

કેન્દ્ર સરકારે વૃંદાવનમાં પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિરને FCRA લાઈસન્સ આપી દીધું છે. આનો અર્થ એ થયો કે હવે વિદેશી ભક્તો મંદિરમાં મનમૂકીને દાન કરી શકશે. મંદિરના સંચાલન માટે કોર્ટ દ્વારા રચાયેલી મેનેજમેન્ટ કમિટીએ આ લાઈસન્સ માટે અરજી કરી હતી. કોર્ટની મંજૂરી બાદ આ અરજીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. કોર્ટ દ્વારા રચાયેલી મેનેજમેન્ટ કમિટીની અરજી પ્રમાણે મંદિરની તિજોરીમાં ઘણી બધી વિદેશી ચલણ છે અને તેઓ ભવિષ્યમાં પણ વિદેશમાંથી દાન પ્રાપ્ત કરવાનો ઈરાદો ધરાવે છે. તમને જણાવી દઈએ કે, બાંકે બિહારી મંદિરનું સંચાલન હાલમાં કોર્ટ દ્વારા જ કરવામાં આવી રહ્યું છે.



નવી દિલ્હીમાં વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ હેઠળના ગામડાઓમાંથી પ્રતિષ્ઠિત મહેમાનો સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડા અને સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજીજુ હાજર રહ્યા હતા.

## ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઇનલમાં મૈડિસન કીઝે જીત્યું પહેલું ટાઇટલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

અમેરિકાની મૈડિસન કીઝે શનિવારે, ૨૫ જાન્યુઆરીના રોજ ઓસ્ટ્રેલિયન ઓપનની મહિલા સિંગલ્સની ફાઈનલમાં બે વખત ડિફેન્ડિંગ ચેમ્પિયન રહીચૂકેલી બેલારુસની આર્યના સબાલેન્કાને ૬-૩, ૨-૬, ૭-૫થી હરાવીને તેનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યું હતું. આ ૨૯ વર્ષીય ખેલાડીએ અગાઉ સેમિફાઈનલમાં બીજા ક્રમાંકિત ખેલાડી ઈગા સ્વાઈટેકને હરાવ્યો હતો. આમ તે સેરેના વિલિયમ્સ પછી મેલબોર્ન પાર્કમાં ટોચની બે ખેલાડીઓને હરાવનાર પ્રથમ અમેરિકન ખેલાડી બની



હતી. સેરેનાએ ૨૦૦૫માં આ કારનામો કર્યો હતો. રેંકિંગમાં ૧૪મું સ્થાન ધરાવતી કીઝને આ ટૂર્નામેન્ટમાં ૧૯મો સ્થાન આપવામાં આવ્યું હતું. યુએસ ઓપન ૨૦૧૭માં રનર-અપ થયા બાદ આ તેની બીજી ગ્રાન્ડ સ્લેમ ફાઈનલ હતી. આ સાથે કીઝે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ખિતાબ જીતવાની હેટ્રિક ફટકારીને સબાલેક્કાને માર્ટિના હિંગિસની બરાબરી કરતા અટકાવી હતી.

### મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા

# સંભલમાં જામા મસ્જિદ બહાર હિન્દુસ્તાન ઝિંદાબાદના નારા લાગ્યા

## પ્રજાસત્તાક દિવસ પહેલા ઉત્તર પ્રદેશના સંભલની જામા મસ્જિદમાં દેશભક્તિ, એકતા અને સૌહાર્દનું દ્રશ્ય દેખાયું

। (એજન્સી) સંભલ, તા.૨૫ ।

પ્રજાસત્તાક દિવસ પહેલા ઉત્તર પ્રદેશના સંભલની જામા મસ્જિદમાં દેશભક્તિ, એકતા અને સૌહાર્દનું દ્રશ્ય જોવા મળ્યું હતું. આ દરમિયાન શુક્રવારની નમાજ અદા કરીને બહાર નીકળેલા પૂજારીઓએ હાથમાં ત્રિરંગો લઈને હિન્દુસ્તાન ઝિંદાબાદના નારા લગાવ્યા હતા અને દેશભક્તિનો સંદેશો આપ્યો હતો. આ દરમિયાન મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. મહત્વનું છે કે ૨૪મી નવેમ્બર ૨૦૨૪ના રોજ જામા મસ્જિદની અંદર સર્વે દરમિયાન મસ્જિદની આસપાસના વિસ્તારમાં હિંસા થઈ હતી, જે બાદ ભારે તણાવ જોવા મળ્યો હતો. આ ઘટનાના બે મહિના બાદ ગણતંત્ર દિવસ પહેલા લોકોએ એકતા સાથે દેશભક્તિનો સંદેશ આપ્યો છે. શુક્રવારના રોજ, જ્યારે નમાજીઓ શુક્રવારની નમાજ અદા કરીને જામા મસ્જિદમાંથી બહાર આવ્યા ત્યારે દ્રશ્ય અલગ હતું. મસ્જિદની સામે દેશભક્તિની તસવીર જોવા મળી હતી. અહીં મોટી સંખ્યામાં હાજર નમાજીઓએ હાથમાં ત્રિરંગો પકડ્યો હતો. નમાઝીઓ હાથમાં ત્રિરંગો લહેરાવીને અને હિન્દુસ્તાન ઝિંદાબાદના નારા લગાવીને દેશભક્તિના રંગમાં જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ૨૪ નવેમ્બર ૨૦૨૪ ના રોજ, સંભલની જામા મસ્જિદમાં સર્વે દરમિયાન વિસ્તારમાં હિંસા થઈ હતી. તે પછી શુક્રવારની નમાજ પહેલા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે આસપાસના વિસ્તારોમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવે છે.

### અજમેર દરગાહમાં મંદિર હોવાનો દાવો કરનાર પર ફાયરિંગ

# હિન્દુ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉપર ફાયરિંગ કરવામાં આવ્યું

## તેઓ સવારે અજમેરથી દિલ્હી જવા નીકળ્યા ત્યારે બે મોટરસાઇકલ સવાર યુવકોએ તેમના પર ગોળીબાર કર્યો

। (એજન્સી) અજમેર, તા.૨૫ ।

રાજસ્થાનના અજમેરથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. હિન્દુ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ વિષ્ણુ ગુપ્તાએ દાવો કર્યો છે કે આજે સવારે અજમેરથી દિલ્હી જતા સમયે ગેગલ પુલિયા પાસે તેમના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. તેણે દાવો કર્યો હતો કે મોટરસાઈકલ પર સવાર બે શખ્સોએ તેના પર ગોળીબાર કર્યો હતો. અધિક પોલીસ અધિક્ષક ગ્રામીણ દીપક કુમારે જણાવ્યું હતું કે વિષ્ણુ ગુપ્તાએ તેમને માહિતી આપી હતી કે જ્યારે તેઓ સવારે અજમેરથી દિલ્હી જવા નીકળ્યા ત્યારે બે મોટરસાઈકલ સવાર યુવકોએ તેમના પર ગોળીબાર કર્યો હતો. તેની કાર પર એક



સ્થળ પણ દેખાઈ રહ્યું છે, જેની તપાસ કરવામાં આવી રહી છે. અજમેરના પોલીસ અધિક્ષક વંદિતા રાણા પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તેઓએ સ્થળનું નિરીક્ષણ પણ કર્યું છે અને એફએસએલ ટીમને બોલાવવામાં આવી હતી. કેસની તપાસ ચાલી રહી છે. મહત્વનું છે કે વિષ્ણુ ગુપ્તાએ દાવો કર્યો હતો કે અજમેર દરગાહમાં મંદિર છે અને કોર્ટમાં અરજી પણ કરી છે. તે અવારનવાર પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. હકીકતમાં, ડિસેમ્બર ૨૦૨૪ માં, તેણે અજમેરની દરગાહને લઈને મોટો દાવો કર્યો હતો. અજમેર પહોંચ્યા બાદ વિષ્ણુ ગુપ્તાએ કહ્યું હતું કે અજમેરની દરગાહ વાસ્તવમાં ભગવાન સંકટ મોચન મહાદેવનું મંદિર છે. વિષ્ણુ ગુપ્તાએ અજમેરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે તેઓ ૨૦મીએ કોર્ટમાં હાજર થશે અને પોતાની સાથે લાવેલા વધુ દસ્તાવેજો રજૂ કરશે. તેમણે કહ્યું કે અજમેરની ભૂમિ વીરોની ભૂમિ છે. મોહમ્મદ સબુદીન ગૌરી ૧૧૫૦ ઈ.સ.માં અહીં આવ્યા હતા અને ભારત આવ્યા પછી તેમણે અજમેર પસંદ કર્યું હતું કારણ કે અજમેરનું નામ અજયમેરુ હતું, આ અજયમેરુ પૃથ્વીરાજ ચૌહાણના પિતા હતા.

### આઈસીસીએ જાહેર કરી "ટી૨૦ ટીમ ઓફ ધ યર"

# ICCએ વર્ષ ૨૦૨૪ની ટીમ માટે રોહિત શર્માને કેપ્ટનશિપ સોંપી

## કોહલીનો સમાવેશ કરાયો ન હતો : પાકિસ્તાની ખેલાડી બાબર આઝમ પણ આ ટીમનો ભાગ છે

। (એજન્સી) દુબઈ, તા.૨૫ ।

ICCએ પુરૂષોની T20 ટીમ ઓફ ધ યર જાહેર કરી છે. ICCએ વર્ષ ૨૦૨૪ની ટીમ માટે રોહિત શર્માને કેપ્ટનશિપ સોંપી છે. તેની સાથે આ ટીમમાં કુલ ચાર ભારતીય ખેલાડીઓને સ્થાન મળ્યું છે. પરંતુ વિરાટ કોહલીનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. પાકિસ્તાની ખેલાડી બાબર આઝમ પણ આ ટીમનો ભાગ છે. ઝિમ્બાબ્વેના ખેલાડી સિકંદર રઝાને પણ તક આપવામાં આવી છે. ICCએ કોહલીને ટીમ ઓફ ધ યરમાંથી બાકાત કરીને ચોંકાવનારો નિર્ણય લીધો છે. જોકે રોહિત આ ટીમનો એક ભાગ છે અને તેને કેપ્ટન પણ બનાવવામાં આવ્યો છે. ટીમ ઈન્ડિયાએ રોહિતની કેપ્ટનશીપ માં T20 વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ જીત્યો હતો. વર્ષ ૨૦૨૪ રોહિત માટે શાનદાર રહ્યું. રોહિતે T20 વર્લ્ડ કપમાં ત્રણ અડધી સદી ફટકારી હતી. તેણે ઓસ્ટ્રેલિયા સામેની સુપર ૮ મેચમાં ૯૨ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ICC મેન્સ ટી૨૦ ટીમ ઓફ ધ યર ૨૦૨૪ : રોહિત શર્મા (કેપ્ટન), ટ્રેવિસ હેડ, ફિલિપ સોલ્ટ, બાબર આઝમ, નિકલોસ પૂરન, સિકંદર રઝા, હાર્દિક પંડ્યા, રાશિદ ખાન, વાનિન્દુ હસરંગા, જસપ્રિત બુમરાહ, અર્શદીપ સિંહ. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ વર્ષ ૨૦૨૪ માટે ટેસ્ટ ટીમની જાહેરાત કરી હતી. જેમાં દિગ્ગજ અને લેજેન્ડનો દરજ્જો હાંસલ કરી ચૂકેલા જસપ્રીત બુમરાહ, યુવા યશસ્વી જયસ્વાલ અને રવિન્દ્ર જાડેજાને ટીમમાં સ્થાન મળ્યું હતું. આ ટીમમાં ઈંગ્લેન્ડના ચાર ખેલાડીઓને સ્થાન મળ્યું છે, જ્યારે કેન વિલિયમસન પણ જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે.

## તંત્રી લેખ...

# કાશ્મીરમાં પ્રથમ વંદે ભારત ટ્રેનનું ટ્રાયલ પૂર્ણ

જમ્મુ-કાશ્મીર માટે વંદે ભારત એક્સપ્રેસની રાહ હવે લગભગ પૂરી થઈ ગઈ છે. આ ટ્રેનની ટ્રાયલ પૂર્ણ થઈ ગઈ છે અને તે વિશ્વના સૌથી ઊંચા પુલ પરથી પસાર થવામાં સફળ રહી છે. આ ટ્રેનને ખાસ કરીને આ પ્રદેશની ઠંડીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. તેના કાચ પર બરફ જામશે નહીં અને તે -૩૦ ડિગ્રી સેલ્સિયસમાં પણ સરળતાથી ચાલશે. વંદે ભારત ટ્રેન જમ્મુ અને કાશ્મીરના રિયાસીમાં વિશ્વના સૌથી ઊંચા રેલ્વે બ્રિજ ચિનાબ બ્રિજ પરથી પસાર થઈ. અહીં વંદે ભારત ટ્રેનની ટ્રાયલ પૂર્ણ થઈ ગઈ છે. આ પુલ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) પર સ્થિત છે. ગયા અઠવાડિયે, તેનું ટ્રાયલ રન ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક (USBRL) પર સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આ ટ્રાયલ રન કટરા-બડગામ રેલવે ટ્રેક પર કરવામાં આવ્યો હતો. આ ટ્રેનમાં કુલ ૧૮ કોચ છે. જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં રેલ્વેની કનેક્ટિવિટી સુધારવા માટે, ઘણી રેલ્વે લાઈન નાખવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજ એટલે કે ચિનાબ બ્રિજ પર ટ્રેન ચલાવવી એ રેલવે બોર્ડ માટે એક સફળતા છે. આ વંદે ભારત ટ્રેનને કાશ્મીર સ્પેશિયલ બનાવવામાં આવી છે. વંદે ભારત ટ્રેન બનાવતા પહેલા રેલવે દ્વારા કાશ્મીર ખીણના હવામાનને ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. આ વંદે ભારત ટ્રેન યાત્રીઓ માટે ખૂબ જ વાજબી હશે અને મુસાફરીને પણ સરળ બનાવશે. કટરાથી બનિહાલનું અંતર ૯૦ મિનિટમાં હવે વંદે ભારત ટ્રેન દ્વારા કાપી શકાશે. ગણતંત્ર દિવસ પર કાશ્મીર ઘાટીને આ ભેટ આપવામાં આવશે. આ ટ્રેનમાં મુસાફરી કરનારા લોકો કાશ્મીરનું સ્વર્ગ જોઈ શકશે. આ ટ્રેન ઊંચા પર્વતો પરથી ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પસાર થશે. ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રૂટ પર આ ટ્રેન સેવા શરૂ થવાથી મુસાફરોને ઘણી સુવિધા મળશે. કાશ્મીર ખીણમાં, આ ટ્રેન -૩૦ ડિગ્રી તાપ માનમાં પણ મુસાફરોને ડેસ્ટીનેશન સુધી પહોંચાડશે. આ ટ્રેનને ઝડપ થી દોડાવવા માટે તેમાં એરપ્લેનની કેટલીક ખાસિયતો પણ ઉમેરવામાં આવી છે. ખાસ રીતે તૈયાર કરવામાં આવેલી આ ટ્રેનના કાચ પર ક્યારેય બરફ જામશે નહીં, જેના કારણે વિઝિબિલિટીમાં કોઈ પણ પ્રકારની સમસ્યા નહીં થાય.

## રક્ષા મંત્રી-શિક્ષણ મંત્રીએ વીર ગાથા ૪.૦ ના સુપર-૧૦૦ વિજેતાઓનું સન્માન કર્યું

રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ નવી દિલ્હીમાં વીર ગાથા ૪.૦ ના સુપર-૧૦૦ વિજેતાઓને સન્માનિત કર્યા. ૧૦૦ વિજેતાઓમાં, ૬૬ દેશના વિવિધ ભાગોની છોકરીઓ છે. સન્માન સમારોહ દરમિયાન, દરેક વિજેતાને ૧૦,૦૦૦ રૂપિયાનું રોકડ પુરસ્કાર, મેડલ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ સુપર-૧૦૦ આશરે છે. ૧૦,૦૦૦ વિશેષ અતિથિઓ, જેઓ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ કર્તવ્ય પથ ખાતે પ્રજાસત્તાક દિવસની પરેડના સાક્ષી બનશે. તેમના સંબોધનમાં રક્ષા મંત્રીએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને યુવાનોને દેશના બહાદુરોના ગૌરવશાળી ઈતિહાસ સાથે જોડવાના વીર ગાથાના ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે સંરક્ષણ મંત્રાલય અને શિક્ષણ મંત્રાલયના સંયુક્ત પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે પ્રોજેક્ટની આ ચોથી આવૃત્તિમાં ૧.૭૬ કરોડથી વધુ વિદ્યાર્થીઓની અખિલ-ભારતની ભાગીદારીનો સ્વીકાર કર્યો, અને જણાવ્યું કે તે શિક્ષણ દ્વારા બહાદુરોને ઓળખ આપી રહ્યું છે. તેમણે સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની બુદ્ધિ, ઉત્સાહ અને દેશભક્તિની પ્રશંસા કરી હતી. વીર ગાથા ૪.૦ ના સુપર-૧૦૦ વિજેતાઓમાંથી ૨/૩ છોકરીઓ છે એ હકીકત પર આનંદ વ્યક્ત કરતાં શ્રી રાજનાથ સિંહે મણિપુરની ‘નેમનેઈનેંગ‘ નામની ધોરણ ૧૦ની વિદ્યાર્થીનીનો વિશેષ ઉલ્લેખ કર્યો, જેણે બાળપણમાં જ તેના માતા-પિતાને ગુમાવી દીધા હતા. . રક્ષા મંત્રીએ અસંખ્ય મુશ્કેલીઓ છતાં અભ્યાસ ન છોડવા અને વિજેતાઓમાં સ્થાન મેળવવા બદલ તેણીની દ્રઢતાની પ્રશંસા કરી. આ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓને ‘હીરો’નો સાચો અર્થ સમજાવતા રક્ષા મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે હીરો રાષ્ટ્રના ઉત્થાન માટે કામ કરે છે; જેનું કાર્ય સમાજને નવી દિશા આપે છે. તેમણે ઉમેર્યું હતું કે યુવાનો ભારતના ભાવિ હીરો છે અને તેઓ ૨૦૪૭ સુધીમાં ભારતને ‘વિકિત ભારત’ બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે, જેમ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકારની કલ્પના છે. “વડાપ્રધાનના ગતિશીલ નેતૃત્વના કારણે વૈશ્વિક મંચ પર ભારતનું કદ વધ્યું છે. આજે જ્યારે આપણે કોઈપણ આંતરરાષ્ટ્રીય મંચ પર બોલીએ છીએ ત્યારે આખી દુનિયા સાંભળે છે. આપણા બહાદુર સૈનિકો, વૈજ્ઞાનિકો અને યુવા પ્રજ્વલિત દિમાગ સહિત દરેક ભારતીયની સખત મહેનતને કારણે આ શક્ય બન્યું છે. આપણી પાસે લગભગ ૫૦ કરોડ યુવાનોની મુખ્ય યુવા વસ્તી છે. આવા સર્જનાત્મક દિમાગ ધરાવતો દેશ કેવી રીતે વિકાસ ન કરી શકે?” રાજનાથ સિંહે વિદ્યાર્થીઓને પૂછ્યું. રક્ષા મંત્રીએ તેમને આઝાદીના લડવૈયા ભગત સિંહ, ચંદ્રશેખર આઝાદ, અશફાકુલ્લા ખાન અને હિંમતવાન સૈનિકો જેવા બહાદુર હૃદયો પાસેથી પ્રેરણા લેવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા, જેમની બહાદુરી અને બલિદાનને ક્યારેય ભૂલી શકાશે નહીં. તેમણે રાષ્ટ્રીય ગૌરવની ભાવનાને કોઈપણ દેશના વિકાસ માટે સૌથી નિર્ણાયક પાસું ગણાવ્યું હતું. શ્રી રાજનાથ સિંહે વિદ્યાર્થીઓને પડકારોનો સામનો કરતા ડર ન અનુભવવા અને આત્મવિશ્વાસ અને સારા ઈરાદા સાથે તેમના લક્ષ્યો તરફ આગળ વધવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે તેમને અનુરોધ કર્યો કે તેઓ તેમના હૃદયમાં અહંકારની લાગણીને ક્યારેય પ્રવેશવા ન દે, પછી ભલે તેઓ વધુ ઊંચાઈને સ્પર્શે. હંમેશા નમ્ર અને વિનમ્ર રહેવું એ ચાવી છે, તેમણે કહ્યું. આ પ્રસંગે બોલતા, શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે વીર ગાથા જેવી પહેલો શાળાના વિદ્યાર્થીઓને બહાદુર વીરતા પુરસ્કાર વિજેતાઓની બહાદુરી અને બલિદાન વિશે શિક્ષિત કરે છે અને યુવા મનની સર્જનાત્મકતાને પોષે છે. તેમણે ૨.૫ લાખથી વધુ શાળાઓના ૧.૭૬ કરોડ વિદ્યાર્થીઓની રેકોર્ડબ્રેક ભાગીદારી પર પ્રકાશ પાડ્યો જેઓ ચિત્રકામ, ચિત્રકામ અને નિબંધ લેખન જેવી પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા, રાષ્ટ્ર માટે તેમની અપાર સેવા અને બલિદાન માટે નાયકોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી હતી. શિક્ષણ પ્રધાને એ પણ નોંધ્યું હતું કે આ પહેલ દેશભક્તિ, દઢતા અને રાષ્ટ્રીય ગૌરવના મૂલ્યો જગાડવામાં મદદ કરશે.

**૧૯૫૦ની ૨૬ જાન્યુઆરીએ જે સંવિધાન રજુ થયું હતું, એ મુજબ શું દરેક ભારતીય જીવે છે? એમને પોતાનું સંવિધાન યાદ છે!**

# ચાલો રાષ્ટ્ર પ્રેમ વધારવા માટે આ ૨૬ જાન્યુઆરીએ સંવિધાનને ફરીથી યાદ કરીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે જાણીએ છીએ તેમ મંત્રીઓને પણ શપથ વિધિ કરવી પડે છે, ન્યાય માટે કોર્ટમાં પણ ગીતા પર હાથ રાખીને બોલવામાં આવે છે, તો આ બધું શું છે! આ બધું સંવિધાન પૂર્વક આપણે જીવવું એવો નિર્દેશ કરે છે, અને ક્યારેય ન ભૂલી જઈએ એ માટે શપથ લેવડાવવામાં આવે છે.**

આજે ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ એટલે કે આપણો પ્રજાસત્તાક પર્વ,એ રાષ્ટ્રીય તહેવાર છે. આઝાદીના ૭૬ વર્ષ પૂર્ણ થયા અને આપણે એ નિમિત્તે સુવર્ણ મહોત્સવ મનાવી ચૂક્યા. ખરેખર એક રીતે જોઈએ તો વિજ્ઞાનની રીતે ટેકનોલોજીની તમામ સુવિધાઓ પૂરી પાડતો વિકાસ થયો છે, અને વિકાસશીલ દેશોમાં ભારતનું નામ મોખરે છે. એક ખૂણામાં પોતાની રીતે જીવતા દેશ સામે કોઈનું ધ્યાન પણ નહોતું, જ્યારે આજે બધાનું ધ્યાન ભારત પર કેન્દ્રિત થયું હોય એટલી ખ્યાતિ પામ્યો છે, અને એમાં પણ વિશેષ. ચંદ્ર યાન ૩ ની સફળતા, આદિત્ય એલ ૧ ની સફળતા, અધુરામાં પૂરું આયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયાને એક વર્ષ થયું! હિન્દુ સનાતનીઓ જો એક થાય તો શું નું શું કરી શકે! પરંતુ રાષ્ટ્ર પ્રેમ માટે આપણે હજી થોડા કાચા છીએ !જે કંઈ થઈ રહ્યું છે એ અમુક ગણ્યા ગાંઠ્યા લોકોને કારણે થઈ રહ્યું છે. ભારતની આબાદી પ્રમાણે દરેકે દરેક નાગરિક પોતાના દેશ માટે અપ્રિતમ રાષ્ટ્રપ્રેમ દેખાડે, અને તેની ગરિમા ઉંચી લાવવા માટે કમર કસે તો પરિણામ હજી કંઈક જુદુ હોય! અને હવે આવશે એવાં સુકન પણ થઈ ગયા છે, જોકે દરેકે દરેક જણાનાં પ્રયત્નથી જ થશે એ પણ સત્ય છે.આપણે ત્યાં ગણીને ત્રણ ચાર રાષ્ટ્રીય તહેવાર ઉજવવામાં આવે છે એક ૧૫ ઓગસ્ટ કે જે દિવસે બ્રિટિશ હુકુમતથી દેશ આઝાદ થયો, ૨૬ જાન્યુઆરી કે જે દિવસે ડોક્ટર બાબા આંબેડકર એ સૌ પ્રથમવાર ભારતનું સંવિધાન રજુ કર્યું, અને એ રીતે ૨૬ જાન્યુઆરીને આપણે પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવીએ છીએ. તેમજ આપણને બ્રિટિશરો પાસેથી આઝાદી અપાવનાર આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મદિવસ ને એટલે કે બીજી ઓક્ટોબરને પણ રાષ્ટ્રીય તહેવાર જાહેર કરાયો છે, સરદાર પટેલનું મૂલ્ય પણ કંઈ ઓછું ન હતું એટલે હવે એની જનમ જયંતિ ૩૧ ઓક્ટોબર પણ આપણે ઉજવીએ છીએ, અને ૧૪ એપ્રિલ બાબાસાહેબ આંબેડકર જયંતિ. દર રાષ્ટ્રીય તહેવાર પર જે રીતે સમાજમાં દેખાવો થાય છે કે સોશિયલ મીડિયા પર તહેવાર માટે ના મેસેજ ફોરવર્ડ થાય છે એ જોતાં ભારતીય સમાજ નો સર્વાંગી વિકાસ ક્યારનોય થઈ ગયો હોય. પણ એવું નથી થયું માટે કયા ભૂલ થઈ એ જોવું રહ્યું. ૧૯૫૦ ની ૨૬ જાન્યુઆરીએ જે સંવિધાન રજુ થયું હતું, એ મુજબ શું દરેક ભારતીય જીવે છે? એમને પોતાનું સંવિધાન યાદ છે! કે માત્ર સ્કૂલ કોલેજ પૂરતું જ યાદ હતું? કે પછી બોલવા ખાતર જ બોલી લીધું હતું? આજે આ બધું યાદ કરવું પડશે! કારણ કે ફરી ભારત ગુલામીના સંકજામાં ઝકડાવા જઈ રહ્યો છે! પરંતુ આજે અન્ય કોઈ હકુમતથી નહી માનવી એ પોતાની ગુલામી સ્વીકારી લીધી છે! અને જાતનો ગુલામ બનતો જાય છે. ધીરે ધીરે એટલી હદે તે દેહની આળ પંપાળ કરવા લાગ્યો છે, અને જરૂરિયાતો વધારતો જાય છે, જે આવતીકાલે ખતરો બની શકે! અને ભારતે એક બિનસાંપ્રદાયિક દેશ હોવાથી અહીં અન્ય ધર્મ પોતાનું સામ્રાજ્ય વધારવા માટે કમર કસી હોય તેમ બધી રીતે એટલે કે વસ્તીની રીતે અને ઉચ્ચ પદવી હાંસલ કરતા જાય છે, અહીં એજ્યુકેશન પણ તે પોતાની કોમનું વર્ચસ્વ વધે એ માટે લેતા થયા છે.જયારે હિન્દુ ભારતીય પોતાની સુખ-સુવિધાના દાયરાઓ વધારતા જાય છે, પોપ્યુલેશનની દ્રષ્ટિએ આપણે લોકો કદાચ લઘુમતીની સંખ્યામાં આવી શકીએ! એ રીતે બહુ બધા ષડયંત્ર રચાય છે. તો આજે આપણે આપણા સંવિધાનને ફરીથી થોડું યાદ કરી લઈએ, અને એ મુજબ જીવીને રાષ્ટ્ર પ્રેમ વધારી આપણાં દેશની ગરિમા વધે એવું કંઈક કરીએ.

**ભારત મારો દેશ છે.**
**બધા ભારતીયો મારા ભાઈ બહેનો છે.**
**હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.**
**હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.**
**હું મારા માતાપિતા શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.**
**હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.**
**તેમના કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.**

ટૂંકમાં કહીએ તો ભારત મારો દેશ છે, અને ભારતીય હોવાનું મને સદા ગૌરવ છે, હું મારા દેશને ચાહું છું. ભારતમાં વસતા દરેક મારા ભાઈ-બહેન છે, વગેરે વગેરે વાક્યોથી આ પૃષ્ઠ ભૂમિ તૈયાર થતી, અને આપણે બધા એ બોલતા. આ જ રીતે કોઈ ને વિશેષ સ્નાતકની પદવી મળે, એટલે કે ડોક્ટર કે વકીલને નું પ્રમાણપત્ર આપતાં પહેલા આ રીતે શપથ વિધિ થાય છે, આપણે જાણીએ છીએ તેમ મંત્રીઓને પણ શપથ વિધિ કરવી પડે છે. ન્યાય માટે કોર્ટમાં પણ ગીતા પર હાથ રાખીને બોલવામાં આવે છે, તો આ બધું શું છે! આ બધું સંવિધાન પૂર્વક આપણે જીવવું એવો નિર્દેશ કરે છે, અને ક્યારેય ન ભૂલી જઈએ એ માટે શપથ લેવડાવવામાં આવે છે. પરંતુ શું આપણને આ બધું આજે પણ એટલું જ યાદ છે?? જીવનનાં વ્યવહારમાં શું આપણે આ વાતો યાદ રાખીને જીવીએ છીએ? શું દેશ પ્રેમ દેખાડવાના સોંગ બે ચાર દિવસ જ હોય? શું આપણાથી ભારતીય સંસ્કૃતિનું સાચું જતન થયું છે? શું બ્રિટિશરોના હાથમાંથી આપણા દેશને સ્વતંત્ર કરનારા એ સ્વતંત્ર સેનાનીઓ ના બલિદાન આપણને યાદ છે?? કે પછી તેમની જન્મતિથિ અને મરણ તિથિ એ માત્ર તેમના પૂતળાં પર હાર પહેરાવી અને આપણે માત્ર દંભ કરી રહ્યા છીએ? સમાજમાં શાંતિ અને અંદરો અંદર પ્રેમ બની રહે તેની માટે આપણાથી શું કંઈ પણ કાર્ય થયું છે?? દર વખતે રાજકીય નેતાઓ પર આંગળી ચીંધી છે, પણ મારા દ્વારા દેશના વિકાસ શું ફાળો રહ્યો? કે પછી કેટલું પતન થયું! એ વિશે ક્યારેય વિચાર્યું છે? આવા તો અઢળક પ્રશ્નો માનસમાં ઉભરાવા જોઈએ, અને કદાચ દરેકને થતાં પણ હશે. પરંતુ એ બધું ભૂલી ને વળી પાછું હું ને મારું બસ આ બે જ આસપાસ આપણું જીવન કેન્દ્રિત રહે છે, અને એટલે જ કદાચ આજે આપણા દેશની આ હાલત જોઈએ તેટલી સુધરી નથી. તો આપણે સૌ આજે આ રાષ્ટ્રીય તહેવાર ની ઉજવણી સાચા ભારતિય બની કરીએ.જેમ રાષ્ટ્ર માટે સંવિધાન બન્યું છે,એ જ રીતે આપણી માટે પણ હોવું જોઈએ, અને આપણાથી રાષ્ટ્રનું મુલ્ય વધે એ રીતે એક સંવિધાન બનાવીએ,કે ભારત મારો દેશ છે, અને ભારતીય હોવાને નાતે મારે સત્ય, નિષ્ઠા, ઈમાનદારી, પ્રમાણિકતા, તેમજ અંદરોઅંદર પ્રેમની ભાવના વધારે એવું જીવન જીવવું જોઈએ, અને હું આજથી એવું જીવન જીવવાના શપથ લઉં છું.તેમજ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ ને મારાથી બટ્ટો લાગે એવું કોઈ પગલું હું નહીં ભરું. વિશ્વમાં આપણા દેશની સંસ્કૃતિ ઉતરોતર ઉજાગર થતી રહે, અને એ માટે આપણાથી બનતા દરેક પ્રયત્નો આપણે સૌ કરી શકીએ, અને આવી જાગૃતિના દેશપ્રેમ થકી આવતીકાલે ભારત વિશ્વમાં મહાસત્તા બને, અને એના પાયામાં સંવેદનશીલ વિજ્ઞાન વિકાસ હોય! આવો સંકલ્પ દરેક ભારતીય કરે તો ભારત હજી વધુ સક્ષમ બને, એ વાતમાં કોઈ બેમત નથી. હું એક ભારતીય છું અને મારા દેશની સંસ્કૃતિની અસ્મિતા મારાથી વધશે પણ ઘટશે નહીં, એવું મા ભારતી ને મારું વચન છે! જય હિન્દ. બસ આ રીતે આપણે સૌ આપણા રાષ્ટ્રધ્વજને સલામી આપી અને શપથ લઈએ. જય હિન્દ.

**૧૯૩૦ પહેલાં જ અમુક ભારતીય રાજનૈતિક પક્ષોએ ખુલેઆમ યુનાયટેડ કિંગડમથી સ્વતંત્રતા મેળવવાની ધ્યેયની ઘોષણા કરી હતી**

# આજે દેશભરમાં છોતેરમા પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહ ઉમંગભેર કરવામાં આવશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભારતનાં બંધારણનાં અભ્યાસુ એવા ગ્રેનવિલ ઓસ્ટિનનાં મતાનુસાર, ડો.આંબેડકર દ્વારા તૈયાર થયેલ ભારતનાં બંધારણનો મુસદો “પ્રથમ અને સર્વપ્રથમ સામાજીક દસ્તાવેજ” છે... “મોટા ભાગની બંધારણની જોગવાઇ ઓ, કાં તો સીધા સામાજીક ક્રાંતિ નાં ઉદ્દેશને આગળ ધપાવવા માટે અથવા આ ક્રાંતિનો ઉદ્દેશ બર લાવવા માટે જરૂરી પરિસ્થિતિ ઓનું નિર્માણ કરવા માટે કરાયેલ છે.”**


આજે દેશભરમાં છોતેરમા પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહ ઉમંગભેર કરવામાં આવશે. ત્યારે સ્વતંત્રતા અને પ્રજાસતાક દિન વચ્ચે શું થયું અને આજે પ્રજાસતાક ગણતંત્ર દિન જે ઉજવી રહયા છીએ તે વિશે જોઈએ. પ્રથમ પ્રજાસત્તાક દિને વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ અને ગવર્નર જનરલ સી રાજગોપાલા ચારી ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકર્ણોને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. ૧૫ ઓગસ્ટ,૧૯૪૭નાં રોજ સ્વતંત્ર થયું, પરંતુ તેમને તેમનું કાયમી બંધારણ હતું નહીં; તેને બદલે સુધારેલા વસાહતી કાયદા, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૫ પર આધારીત, નો અમલ થતો અને દેશ રાજાપંચમ જ્યોર્જ નાં બ્રિટિશ આધિપત્યતળે ગણાતો અને દેશનાં વડા એવા સર્વોચ્ચ પદ’ગવર્નર જનરલ ના પદ પર લોર્ડ માઉન્ટબેટન કારભાર સંભાળતા હતા.૨૯ ઓગસ્ટ, ૧૯૪૭નાં રોજ કાયમી બંધારણ ની રચના માટે ડો.આંબેડકરનાં વડપણ હેઠળ એક મુસદા સમિતિનું ગઠન કરવામાં આવ્યું. સમિતિ દ્વારા બંધારણનો મુસદો તૈયાર કરી અને ૪ નવેમ્બર,૧૯૪૭ નાં રોજ બંધારણ સભા સમક્ષ રજુ કરવામાં આવ્યો. બંધારણનો સ્વિકાર કરતાં પહેલાં બંધારણ સભાનું ૧૬૬ દિવસનું જાહેર સત્ર મળ્યું,જે ૨ વર્ષ,૧૧ માસ અને૧૮ દિવસ ચાલ્યું. કેટલાયે વિચાર વિમર્શ અને સુધારાઓ પછી૩૦૮ સભ્યની આ બંધારણ સભાએ ૨૪ જાન્યુઆરી,૧૯૫૦ નાં રોજ આ દસ્તાવેજોની હિન્દી અને અંગ્રેજી માં હસ્તલિખીત બે નકલો પર હસ્તાક્ષરો કર્યા. બે દિવસ પછી, ભારતનું બંધારણ ભારત ભૂમિ માટે કાયદાનું સ્વરૂપ પામ્યું. ભારતનું બંધારણ ૨૬જાન્યુઆરી ૧૯૫૦થી અમલમાં આવ્યું. અને રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા. ખરેખર, આ એક વિચારણીય પગલું હતું, ૨૬ જાન્યુઆરીનાં બંધારણ પર હસ્તાક્ષર કરી અને સ્વતંત્ર્યતા સેનાનીઓ,કે જેઓ ૨૬ જાન્યુ આરીને ભારતનાં સ્વતંત્રતા દિવસ તરીકે ઈચ્છતા હતા, તેમના પ્રત્યે સન્માન દર્શાવવામાં આવ્યું. ૩૧ ડીસેમ્બર ૧૯૨૯ના રોજ જવાહરલાલ પંડિતના અધ્યક્ષ સ્થાને લાહોર ખાતે કોંગ્રેસની રાષ્ટ્રીય મહાસભા મળી હતી. જેમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ અથવા ભારતના સ્વાતંત્ર્યની ઘોષણા કરવામાં આવી હતી. જવાહરલાલ નેહરુ એ રાવી નદીના કિનારે ધ્વજ ફરકાવ્યો હતો અને ભારતના લોકોને ૨૬ જાન્યુઆરીના દિવસે “સ્વાતંત્ર્ય દિવસ“ તરીકે ઉજવવા ભલામણ કરી હતી.ભારતના ધ્વજ રાષ્ટ્રીય મહાસભાના સ્વયંસેવકો, રાષ્ટ્રવાદીઓ અને નાગરિકો દ્વારા ફરકાવવામાં આવ્યો હતો. ૨૬ જાન્યુઆરી ૧૯૩૦ના રોજ ભારતના સ્વાતંત્ર્યની ઘોષણા કરવા અંગે અંગ્રેજ સરકારને જણાવવામાં આવેલું પરંતુ અંગ્રેજ સરકારે કોઈ પ્રતિભાવ આપેલો નહિ. ૧૯૩૦ પહેલાં જ અમુક ભારતીય રાજનૈતિક પક્ષોએ ખુલેઆમ યુનાયટેડ કિંગડમથી સ્વતંત્રતા મેળવવાની ધ્યેયની ઘોષણા કરી હતી. અખિલ ભારતીય હોમરુલ લિગ ભારત માટે બ્રિટિશ કોમન વેલ્થ હેઠળ ઓસ્ટ્રેલિયા, કેનેડા, આઈરીશ ફ્રી સ્ટેટ,ન્યુ ફાઉન્ડલેન્ડ, ન્યૂઝી લેન્ડ અને સાઉથ આફ્રીકા જેવા દેશોને અપાયેલ સ્વાયત્તતા જેવા હોમ રુલ (સ્વ શાસન)ની માંગણી કરતું હતું. અખિલ ભરતીય મુસ્લિમ લિગ એ પણ યુનાયટેડ કિંગડમના આધિપત્ય સ્થિતીનું સમર્થન કર્યું હતું પણ ભારતીય સ્વતંત્રતાનો વિરોધ કર્યો હતો. ઈંડિયન લિબરલ પાર્ટી નામની સંસ્થા અંગ્રેજ સમર્થક હતી, બ્રિટિશ રાજ સાથે સંબંધો નબળા પડે તેવી સ્વતંત્રતા કે સ્વાયત રાજ્ય જેવી કોઈ પણ માંગણી ઓને તેણે વિરોધ કર્યો હતો. ભારતીય રાષ્ટ્રીય મહાસભા આ વાદ-વિવાદમાં સૌથી મોખરે હતી. વયસ્ક મહાસભા((કોંગ્રેસ)નાનેતા જેમ કે લોકમાન્ય ટિળક, અરબિંદો, અને બિપિનચંદ્ર પાલ વગેરે એ બ્રિટેશ હકૂમતથી મુક્ત એવી સ્વતંત્રતાની માંગણી કરી હતી. ૧૯૧૯ના જલિયાવાલા બાગ હત્યાકાંડ પછી લોકોમાં અંગ્રેજો વિરુદ્ધ પ્રખર અસંતોષ જાગી ઉઠ્યો. યુરોપીય લોકો, નાગરિકો અને અધિકારીઓ સમગ્ર ભારત માં ફેલાઈ ગયેલા હિંસાચારનો ભોગ બન્યાં હતાં. ૧૯૨૦માં ગાંધીજી અને કોંગ્રેસે પોતાને સ્વરાજ સમર્પિત ઘોષિત કર્યાં. તેમણે આને ભારતનું રાજનૈતિક અને સને આધ્યાત્મીક સ્વતંત્રતા ગણાવી.તે સમયે ગાંધીજીએ સ્વરાજને ભારતીય લોકોનો જન્મ સિદ્ધ અધિકાર ગણાવ્યો હતો. તેમણે તે સમયે જણાવ્યું હતું કે ભારત સંપૂર્ણ સ્વતંત્રતા પસંદ કરશે કે બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ બની રહેશે તેનો આધાર અંગ્રેજ સરકારના વર્તન પર રહેલો છે. ૧૯૨૦ અને ૧૯૨૨ વચ્ચે ગાંધીજીએ અસહકારની ચળવળનું નેતૃઅત્વ કર્યું હતું. રોલેટ એક્ટ અને ભારતીયોને પોતાના દેશની સરકાર રચવા અને ચલાવવા દેવાના રાજનિતિક અને નાગરિક હક્કો પરના પ્રતિબંધ વિરુદ્ધ તેમણે આ ચળવળ કરી હતી. ભારતનાં બંધારણનાં અભ્યાસુ એવા ગ્રેનવિલ ઔસ્ટિનનાં મતાનુસાર, ડો.આંબેડકર દ્વારા તૈયાર થયેલ ભારતનાં બંધારણનો મુસદો “પ્રથમ અને સર્વપ્રથમ સામાજીક દસ્તાવેજ” છે... “મોટા ભાગની બંધારણની જોગવાઇ ઓ,કાં તો સીધા સામાજીક ક્રાંતિ નાં ઉદ્દેશને આગળ ધપાવવા માટે અથવા આ ક્રાંતિનો ઉદ્દેશ બર લાવવા માટે જરૂરી પરિસ્થિતિ ઓનું નિર્માણ કરવા માટે કરાયેલ છે.” આ સંશોધન તંત્રને રજુ કરવાનાં સમયેજ બિરદાવતા ડો.આંબેડકરે જણાવ્યું કેઃ”આથી અમે ખાત્રી પૂર્વક કહી શકીયે છીએ કે, ભારતીય મહાસંઘ કઠોરતા કે વિધિ પરાયણતાનાં દોષથી ગ્રસિત થશે નહીં. તેની વિશિષ્ટ વિશેષતા એછેકે આ એક લચકદાર સંઘ છે, “સંસદ સાથે કાર્યાન્વીત ત્રિસ્તરીય પદ્ધતિએ ધારણાઓથી વિરુદ્ધ, રાજ્યોના હિતોનું ધ્યાન રાખવા સાથે બંધારણને વધુ લચીલું બનાવ્યું છે. બંધારણ આધારિત બ્રિટિશ સંસદીય પદ્ધતિ અને રાજ્ય પદ્ધતિના સમન્વયે બીજા અન્ય કોઈપણ દેશમાં સુધારીત આવૃત્તિ કરતાં અહીં સારી રીતે સફળ રહી છે.”ગ્રેનવીલે ઑસ્ટીન ૧૯૬૬, ઉપરોક્ત રાજ્ય પધ્ધતિ સાથે સહમત થઈ યુનાઈટેડ કિંગ્ડમના તત્કાલીન પ્રધાનમંત્રી(એપ્રીલ ૧૯૫૫થી જાન્યુઆરી ૧૯૫૭) સર એંથોની એડને પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યુકે “અત્યાર સુધીની તમામ રાજ્ય પધ્ધતિઓમાં કરવામાં આવેલ તમામ પ્રયોગોને ધ્યાને લેતા હુ માનુ છુ કે ભારતની સંસદીય લોકશાહીનું સ્વરુપ સૌથી નિરાળુ છે. એક વિશાળ ઉપખંડ દશ હજાર વર્ષ ઉપરાંતની પધ્ધતિને મુક્ત લોકશાહીમાં ફેરવી રહ્યો છે. આ એક હિમ્મતપૂર્વકનો નિર્ણયછે આ કોઈ આપણી નકલ નથી પરંતુ વિશાળ હદયની તથા મુક્ત વિચારસરણીનો ઉત્તમ નમૂનો છે જે આપણા સ્વપ્નાઓમાં પણ આવી નથી. જો આ સફળ થાય છે તો સમગ્ર એશીયા માટે અસિમિત ફાયદો થશે. આ પ્રયોગનુ પરિણામ ગમે તે આવે આપણે સૌએ આ પ્રયોગ કરનાર તમામને બિરદાવવા જોઈએ.” અમેરિકન બંધારણીય સત્તાધારી ગ્રાનવિલે ઑસ્ટિન દ્વારા વ્યક્ત કરવામાં આવેલ અભિપ્રાય વધુ અર્થપૂર્ણ હતો, જેમણે લખ્યું હતું કે ભારતીય સંસદ વિધાનસભાની શરૂઆત શું થઈ હતી તે ૧૭૮૭ માં ફિલાડેલ્ફિયામાં ઉત્પન્ન થયું ત્યારથી ‘કદાચ સૌથી મહાન રાજકીય સાહસ હતું.’ “તાજેતરના વર્ષોમાં, કેટલાક નાગરિકોમાં તે સ્થાપકો અને તેમના દસ્તાવેજોને અવગણવા માટે ફેશનેબલ બની ગયું છે. આ લોકોએ ૧૯૫૦થી દેશના વિકાસ દ્વારા નિરાશ થયા છે, તેઓએ બંધારણને બદલવાની વિનંતી કરી છે કે તે ‘કામ કર્યું નથી’. આવી વિચારસરણી, મારા મત મુજબ, ગેરમાર્ગે દોરેલા છે. બંધારણો ‘કામ‘ કરતા નથી, તેઓ નિષ્ક્રિય છે, નાગરિકો દ્વારા ‘કામ‘ કરવામાં આવે છે અને ચૂંટાયેલા નેતાઓ નિયુક્ત કરવામાં આવે છે.”- ગ્રેન વિલે ઓસ્ટિન. આ દિવસનું મહત્ત્વ સિદ્ધ કરવાના ઉદ્દેશ્યથી દર વર્ષે નવી દીલ્હીમાં એક મહા સરઘસ પરેડનું આયોજન કરવામાં આવે છે. તેની શરૂઆત રાષ્ટ્રપતિ ભવન નજીક આવેલ રૈસિના ટેકરીથી થાય છે. રાજપથ ઇંડીયા ગેટ થઈ તે ઐતિહાસિક લાલ કિલ્લા સુધી પહોંચે છે. પાયદળ વાયુસેના અને નૌસેનાની વિવિધ ટુકડીઓ તેમના સત્તાવાર ગણ વેશમાં કવાયત કરતાં ચાલે છે. ભારતના રાષ્ટ્રપતિ જે ત્રણેય સેનાના પ્રમુખ છે, તેઓ સલામી ઝીલે છે. આ પરેડમાં ભારતના જુદાજુદા પ્રદેશની ઝાંખીઓને ફ્લોટ્સ (ખટારા અને ટ્રેલર પર બનાવેલ ધીમેથી સરકરતો મંચ) પર બતાવવામાં આવે છે. આ પરેડનું જીવંત પ્રસારણ દૂરદર્શન અને આકાશવાણી પરથી કરવા માં આવે છે. રાષ્ટ્રીય બહાદૂરીચંદ્રક મેળવનાર બાળકો પણ આ સરઘસનો એક ભાગ હોય છે.. પ્રાય તેમને હાથી પર અંબાડીમાં બેસાડવામાં આવે છે. જુદા જુદા પ્રદેશની સાંસ્કૃતિક ઓળખ આપતી ઝલક સિવાય અન્ય દેખાવ પણ બતાવાય છે. અંતમાં ભારતીય વાયુસેનાના શક્તિ પ્રદર્શનથી આ સરઘસ પૂર્ણ થાય છે.રાજ્યની રાજધાનીઓમાં પણ ઉજવણી કરવામાં આવેછે,જેમાંરાજ્યપાલ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવે છે. જો રાજ્યપાલ અસ્વસ્થ હોય કે કોઈ કારણસર હાજર ના હોય તો રાજ્યના મુખ્યમંત્રીને ધ્વજ ફરકાવવાનું માન મળે છે.૨૬ જાન્યુઆરી ૧૯૫૦એ ભારત દેશના ઈતિહાસ માં ઘણો અગત્યનો દિવસ છે. આ દિવસે ભારત દેશનું બંધારણ અમલંમા આવ્યું હતું અને ભારત ખરા અર્થ માં સ્વતન્ત્ર રાષ્ટ્ર બન્યું હતું. આ દિવસે ભારત સંપૂર્ણ લોક્તંત્ર બન્યુ. દેશે મહાત્મા ગાંધી અને હજારો સ્વતંત્ર સેનાનીઓ જેમણે સ્વાતંત્ર્ય માટે પોતાનુ સર્વસ્વ ન્યોછાવર કર્યુ હતુ તેમનુ સ્વતંત્ર રાષ્ટ્રનું સ્વપ્ન ફળીભુત થતુ જોયુ. ત્યારથી ૨૬ જન્યુઆરીએ રાષ્ટ્રીય રજા ગણાય છે અને ગણતંત્ર દિવસ તરીકે ઉજવાય છે.આજે સમગ્ર દેશમાં ગણતંત્ર દિવસ ઉજવાય છે, ખાસ કરીને ભારતની રાજધાની દીલ્હીમાં આ ઉજવણી રાષ્ટ્રપતિના રાષ્ટ્ર માટેના ઉદ્‌બોધનથી શરુ થાય છે. ભાષણની શરુઆત સ્વાતંત્ર સેનાનીઓ એ આપેલા બલિદાન તેમ જ શ્રધ્ધાંજલીથી થાય છે કે જેઓએ દેશના સ્વાતંત્ર્ય માટે સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધું હતું તથા રાષ્ટ્રની સંહિતા માટે લડ્યા હતા. ત્યાર બાદ રાષ્ટ્રપતિ મંચ પર આવી લશ્કરના જવાનોના પરીવારજનોને જવાનોની યુધ્ધમાં દાખવેલ અજોડ બહાદુરી માટે ચન્દ્રકો એનાયત કરે છે. તથા ભારતના નાગરીકો કે જેમણે અસામાન્ય પરીસ્થિતિઓમાં બહાદુરીપુર્વકનું કાર્ય કર્યુ હોય એમને સન્માનિત કરી તેમને પુરસ્કારો એનાયત કરે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી, ૭૬મા પ્રજાસતાક દિનની હાર્દિક શુભેચ્છા પાઠવું છું. અસ્તુ.

# વિકી કૌશલે ફિલ્મ 'છાવા' માટે ૨૫ કિલો વજન વધાર્યું

## એ.આર.રહેમાન આ ફિલ્મનું સંગીત આપી રહ્યા છે તેમજ મેડોક ફિલ્મ્સ દ્વારા 'છાવા' પ્રોડ્યુસ કરવામાં આવી છે


તેણે ઐતિહાસિક રોલ માટે ટ્રાન્સફોર્મેશનની વાત કરી

વિકી કૌશલ એક વખત 'ઉરી'માં યુદ્ધ અને એક્સ પ્રકારના સીન કરી ચૂક્યો છે, હવે ઐતિહાસિક ફિલ્મ 'છાવા'માં તે તલવાર અને ભાલા સાથે એક વીર યોદ્ધાનો રોલ કરતો જોવા મળશે. આ રોલ માટે તે પણ ઘણો ઉત્સાહિત છે. વિકી 'છાવા'માં છત્રપતિ સંભાજી મહારાજનો રોલ કરે છે. તાજેતરમાં મુંબઈમાં આ ફિલ્મની ટ્રેલર લોંચ ઈવેન્ટ યોજાઈ હતી. ત્યારે વિકીએ આ રોલ માટે તેણે કરેલી તૈયારીઓ વિશે વાત કરી હતી. વિકીને લાંબા સમયથી એક્શન ફિલ્મ કરવાની ઈચ્છા હતી, આ અંગે તેણે કહ્યું, ''મેં છેલ્લે જે એક્શન ફિલ્મ કરી હતી એ 'ઉરી - ધ સર્જિકલ સ્ટ્રાઈક' હતી. ત્યારથી હું કોઈ આવી તકની રાહમાં હતો. મને ખબર નહોતી કે એ લોકો મને ઘોડા પર ચડાવશે અને મને તલવાર પકડાવી દેશે. પરંતુ બધું જ નવું હતું. મને ઘોડેસવારી આવડતી નહોતી. તેથી મેં તેની ટ્રેનિંગ લીધી, સાથે મેં તલવારબાજી પણ શીખી, આ બધાની તાલીમ ૬-૭ મહિના ચાલી હતી. તે ઉપરાંત મારે વજન વધારવું પડ્યું- હું ૮૦ કિલોથી ૧૦૫ કિલોએ પહોંચ્યો છું.''આ રોલ માટેની તૈયારી અંગે આગળ વિકીએ કહ્યું, ''આ ઉપરાંત મારે એક્શનની પણ બહુ ટ્રેનિંગ કરવી પડી, મહિનાઓ સુધી એક્શન સીક્વન્સ માટેની પ્રેક્ટિસ કરી છે. એક્શન કોરિયોગ્રાફર પરવેઝ સર અને તેમની ટીમે પણ મને બહુ જ સહકાર આપ્યો છે. તમને ટીઝરમાં જે એક એક્શન સીક્વન્સ દેખાય છે, તે ધોમ ધખતા તાપમાં ૨૦૦૦ લોકોની વચ્ચે ૫૦૦ સ્ટંટમેન સાથે શૂટ થઈ છે. એ રમઝાન મહિનામાં હતી, ઘણા સ્ટંટમેન રોજા રાખતા હતા અને ખાધા-પીધાં વિના સ્ટંટ પણ કરતા હતા, બધાં જ સંભાજી મહારાજની વીરતા દર્શાવવા માટે આ મહેનત કરી રહ્યા હતા.''વિકીની 'છાવા' ૧૪ ફેબ્રુઆરીએ થિએટરમાં રિલીઝ થવાની છે. છત્રપતિ શિવાજી મહારાજના વીર પુત્ર છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આ ફિલ્મ આધારિત છે, જેમનામાં ધરતી, આગ, પાણી અને હવા એ ચારેય તત્વોની તાકાત હતી. આ ફિલ્મમાં આશુતોષ રાણા, દિવ્યા દત્તા, નીલ ભોપાલમ, સંતોષ જુવેકર અને પ્રદીપ રાવત સહિતના કલાકારો મહત્વના રોલમાં છે. એ.આર.રહેમાન આ ફિલ્મનું સંગીત આપી રહ્યા છે.




# સારા અલી ખાન સાથે અફેરની ચર્ચા પર અર્જુન પ્રતાપ બાજવાનો જવાબ

## છેલ્લા એક વર્ષથી સારા અલી ખાનનું નામ અભિનેતા અર્જુન પ્રતાપ બાજવા સાથે જોડાઈ રહ્યું છે

રાજકારણી ફતેહ જંગ સિંહ બાજવાના પુત્ર અને અભિનેતા અર્જુન પ્રતાપે સારા અલી ખાન સાથેના તેમના અફેરના સમાચાર પર પોતાનું મૌન તોડ્યું છે. ગયા વર્ષે અર્જુન અને સારા કેદારનાથમાં સાથે જોવા મળ્યા હતા. બંનેએ ત્યાં સાથે પૂજા કરી હતી. આ પછી તેઓ રાજસ્થાનમાં પણ સાથે જોવા મળ્યા હતા.ત્યાર બાદ તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે લોકો શું કહેશે તેનાથી મને ફેર પડતો નથી.છેલ્લા એક વર્ષથી સારા અલી ખાનનું નામ અભિનેતા અર્જુન પ્રતાપ બાજવા સાથે જોડાઈ રહ્યું છે. બંને કેદારનાથમાં સાથે જોવા મળ્યા હતા અને તેમની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. ત્યારથી એવું કહેવામાં આવી રહ્યું છે કે સારા અને અર્જુન પ્રતાપ એકબીજાને ડેટ કરી રહ્યા છે. પરંતુ હવે અર્જુને સત્ય કહ્યું છે અને સારા સાથેના તેના સંબંધ વિશે પણ વાત કરી છે.એ વાત જાણીતી છે કે ઓક્ટોબર ૨૦૨૪ માં કેદારનાથથી અર્જુન અને સારાની તસવીરો સામે આવી હતી. આ પછી બંને રાજસ્થાનમાં જોવા મળ્યા. જોકે, તેણે અલગ અલગ જગ્યાએથી પોતાના ફોટા શેર કર્યા. ત્યારથી, સારા અને અર્જુન પ્રતાપ રિલેશનશિપમાં હોવાની અટકળો શરૂ થઈ ગઈ.અર્જુને કહ્યું, 'લોકો જે લખવા માંગે છે તે લખશે.' એ તેમનું કામ છે. તે પોતાનું કામ કરી રહ્યો છે. હું ફક્ત મારા પર અને મારે શું કરવાનું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છું. ખરેખર, તે મને પરેશાન કરતું નથી. એ વાત જાણીતી છે કે અર્જુન પ્રતાપ બાજવા એક રાજકારણી છે, જે મોડેલ બન્યા અને હવે અભિનેતા છે. તે એક ગાયક પણ છે. અર્જુન પ્રતાપ હાલમાં તેમની ફિલ્મ 'બેન્ડ ઓફ મહારાજા' માટે સમાચારમાં છે જે ઓસ્કાર માટે નોમિનેટ થઈ છે. અર્જુન એક ફાઈટર પણ છે અને અક્ષય કુમાર અભિનીત ફિલ્મ 'સિંહ ઈઝ બ્લિંગ'માં પણ જોવા મળ્યો છે. અર્જુન રાજકારણી ફતેહ જંગ સિંહ બાજવાનો પુત્ર છે. સારા વિશે વાત કરીએ તો, તેનું નામ પહેલા સુશાંત સિંહ રાજપૂત સાથે જોડાયું હતું. અહેવાલો અનુસાર, બંને એકબીજાને ડેટ કરતા હતા. આ ઉપરાંત સારાનું નામ વીર પહાડિયા અને કાર્તિક આર્યન સાથે પણ જોડાયું હતું. સારા હાલમાં ફિલ્મ 'સ્કાય ફોર્સ' માટે સમાચારમાં છે, જેમાં તેનો એક ખાસ રોલ છે. તેમાં વીર પહાડિયા અને અક્ષય કુમાર મુખ્ય ભૂમિકામાં છે.





# ડિપ્રેશનનો કન્સેપ્ટ ખબર ન હોવાથી દિવ્યંકાને લાભ થયો?

## દિવ્યંકાએ પોતાની પહેલી ટીવી સિરીયલને ટ્રોમેટિક ગણાવી

દિવ્યંકા ત્રિપાઠી ટીવીની દુનિયાનો જાણીતો ચહેરો છે. તે છેલ્લા બે દાયકાથી ઘણી સિરીયલમાં કામ કરી ચૂકી છે. હવે તે ઓટીટી પર પણ કામ કરવા લાગી છે, તાજેતરમાં જ તેણે એક વૅબ સિરીઝમાં સિક્રેટ એજન્ટનો રોલ કર્યો હતો. ત્યારે હવે એક ઈન્ટરવ્યૂમાં દિવ્યંકાએ કબૂલ્યું છે કે શરૂઆતના દિવસોમાં તેણે ડિપ્રેશનનો સામનો કરવો પડ્યો હતો. તેણે પોતાની પહેલી સિરીયલને ટ્રોમેટીક અનુભવ ગણાવ્યો હતો. ટીવીમાં પોતાની સફર અંગે વાત કરતાં દિવ્યંકાએ કહ્યું, ''મારો પહેલો શો મારા જીવનનો સૌથી ટ્રોમેટિક શો હતો. ત્યારે આ ડિપ્રેશનનો કન્સેપ્ટ ખબર નહોતી. કહેવાય છે કે જેટલું ઓછું જ્ઞાન હોય એટલી શાંતિ. કદાચ મને ખબર નહોતી કે હું ડિપ્રેશનમાં સરી રહી છું, તેથી મેં એ તરફ ધ્યાન જ ના આપ્યું અને હું એમાંથી નીકળી ગઈ. એ મારો એક તબક્કો હતો, જેમાં હું મારા દોસ્તો સાથે વાતો કરતી રહેતી હતી, એક રૂમમાં બેસીને અને જેવા એ એક-બે લોકોના નામ નીકળતા એવી હું રડવાનું શરૂ કરી દેતી.'' દિવ્યંકાએ આગળ કહ્યું, તેને કોઈની મદદ લેવાની જરૂર હતી, કોઈ પણ વ્યક્તિએ આ સ્થિતિમાં સારા થેરાપિસ્ટ કે મિત્રોની મદદ લેવી જોઈએ, જે તમને શાંતિથી ધીરજપૂર્વક સાંભળે. દિવ્યંકાએ ૨૦૦૪માં બેસ્ટ સિનેસ્ટાર કી ખોજ ટીવી રિયાલિટી શોથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.



# કંગના બોલિવૂડની 'ક્વીન'માંથી 'ફ્લોપક્વીન' બની

## કંગનાએ ૧૦ વર્ષમાં એક પણ હિટ નથી આપી અને કુલ બજેટના ૯૩% નુકસાન ભોગવ્યું છે

એક વખત હતો, જ્યારે કંગના બોલિવૂડની ક્વીન ગણાતી હતી અને તે બોક્સ ઓફિસ પર હિટની ગેરંટી મનાતી હતી. પરંતુ પછી એવું શું થયું કે, છેલ્લા એક દાયકામાં તેણે એક પણ હિટ ફિલ્મ આપી નથી. કંગના રણૌતની ગણતરી હિન્દી સિનેમાની પ્રતિભાશાળી એક્ટ્રેસમાં થતી હતી. જો તેની અભિનય ક્ષમતાની વાત કરવામાં આવે તો તેમાં તો આ દાયકામાં કોઈ ફરક પડ્યો નથી. પરંતુ બોક્સ ઓફિસ પર તેની સફળતામાં ઘણી ઓટ આવી ગઈ છે. તાજેતરમાં રિલીઝ થયેલી કંગનાની 'ઈમરજન્સી' માટે પણ બજેટ જેટલી આવક મેળવવાનું અઘરું બન્યું છે. 'ઈમરજન્સી' પર કંગનાની બધી જ આશાઓ જડાયેલી હતી. કારણ કે એક ડિરેક્ટર તરીકે કંગનાના હાથમાં સંપૂર્ણ નિયંત્રણ હતું. આ ફિલ્મ ૬૦ કરોડના બજેટમાં બની છે અને પહેલાં છ દિવસમાં રૂ. ૧૫ કરોડ સુધી પહોંચવામાં પણ સંઘર્ષ કરી રહી છે. તેથી હવે લાગે છે કે 'ઈમરજન્સી'ને તેના મૂળ ૬૦ કરોડના બજેટ સુધી પહોંચવામાં પણ તકલીફ પડશે. એક દાયકા પહેલા કંગનાને બોક્સઓફિસથી માંડીને એવોર્ડ્સ સુધી દરેક મોરચે સફળતા મળતી હતી. તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ઈમરજન્સી' અંગે પણ અવું જ કહેવાતું હતું કે, આ ફિલ્મ પણ તેના ફલોપના ટ્રેન્ડને બદલવામાં કોઈ મદદ કરી શકશે નહીં.કંગનાની ૨૦૧૧થી ૨૦૧૫ દરમિયાનની ફિલ્મોની વાત કરવામાં આવે તો તેમાં કંગનાએ એવી ફિલ્મોમાં કામ કર્યું હતું, જેમાં હિરો બહુ મોટો અને જાણીતો ચહેરો ન હોય. આ બધી જ ફિલ્મો ઘણી સારી ચાલી હતી. 'ક્વીન' અને 'તનુ વેડ્ઝ મનુ' તેમજ 'તનુ વેડ્ઝ મનુ રિટર્ન્સ'ની વાત કરવામાં આવે તો આ ત્રણે ફિલ્મોમાં એક હિરોઈન મુખ્ય રોલમાં હોય તેવી ફિલ્મોથી તેણે કમાણીના બધાં જ રેકોર્ડ તોડી નાખ્યા હતા. આ પહેલાં કોઈ હિરોઈન આવું કરી શકી નહોતી. એ વખતે તે માત્ર ૨૮ વર્ષની હતી અને તે કોઈ પણ હિરોની જેમ જ પોતાના ખભા પર આખી ફિલ્મનો ભાર ઉપાડી શકે તેટલી સક્ષમ મનાતી હતી. પરંતુ થોડું ખરાબ નસીબ, ફિલ્મની પસંદગીમાં ભૂલ અને કેટલાક વિવાદોને કારણે તેની કારકિર્દીમાં ઘણી મોટી અસર થઈ. 'તનુ વેડ્ઝ મનુ રિટર્ન્સ' પછી કંગનાએ 'ઈમરજન્સી' સહિત ૧૧ જેટલી ફિલ્મોમાં કામ કર્યું છે. આમાંથી એક પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર કોઈ જ કમાલ કરી શકી નથી. એક ને બાદ કરતાં બાકીની બધી જ ફિલ્મો બોક્સ ઓફિસ પર લગભગ ફલોપ જ રહી છે. જો તેની તાજેતરમાં રિલીઝ થયેલી 'ઈમરજન્સી' પહેલાંની બે ફિલ્મો 'તેજસ' અને 'ધાકડ'ની વાત કરવામાં આવે તો આ બંને ફિલ્મો તો બોક્સ ઓફિસ પર ઊંધા માથે પછડાઈ છે. આ ફિલ્મોએ તો સૌથી ઓછી કમાણીના રેકોર્ડ બનાવ્યા છે. આ દસ વર્ષમાં કંગનાની એક માત્ર ફિલ્મ થોડી ધોરણસરની ચાલી હોય તો એ છે, 'મણિકર્ણિકા –ધ ક્વીન ઓફ ઝાંસી'. ૨૦૧૯માં તેણે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના જીવન પર ફિલ્મ બનાવી હતી, જેણે ભારતમાં ૯૨ કરોડ અને વર્લ્ડ વાઈડ ૧૩૩ કરોડની કમાણી કરી હતી. આ ફિલ્મ એક બિગ બજેટ ઐતિહાસિક ફિલ્મ હતી, પરંતુ બોક્સ ઓફિસ પર આ ફિલ્મ એક સમાન્ય ફિલ્મ જ બની રહી.પેન્ડેમિક પહેલાં આવેલી કંગનાની 'મણિકર્ણિકા' અને 'પંગા' થોડી-ઘણી ચાલી હતી. પરંતુ કોવિડ પછી તેની ફિલ્મો બોક્સ ઓફિસ પર ફલોપ પર ફલોપ જઈ રહી છે. 'ઈમરજન્સી' પહેલાં આવેલી તેની ફિલ્મો 'તેજસ', 'ધાકડ' અને 'થલાઈવી'ની તો ખાસ નોંધ પણ લેવાઈ નથી.



### તલપડે અને આલોકનાથ ઉપરાંત કુલ ૧૧ લોકોના નામ જાહેર

# શ્રેયસ-આલોકનાથ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી

બોલિવૂડ અભિનેતા શ્રેયસ તલપડે અને આલોકનાથ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. આ મામલો એક એવી કંપનીના પ્રમોશન સાથે સંબંધિત છે જે એક સોસાયટીના ૫૦ લાખથી વધુ લોકોના કરોડો રૂપિયા લઈને ભાગી ગઈ હતી. આ કંપનીએ ફિક્સ ડિપોઝિટ અને અન્ય માધ્યમો દ્વારા મોટા વળતરનું વચન આપીને વર્ષો સુધી પૈસા એકઠા કર્યા અને હવે કરોડો રૂપિયાની છેતરપિંડી થઈ છે.આ બંને બોલિવૂડ કલાકારો પર રોકાણ માટે આ કંપનીને પ્રોત્સાહન આપવાનો આરોપ છે. આ કંપનીના કાર્યક્રમમાં સોનુ સૂદ પણ મુખ્ય મહેમાન તરીકે આવ્યા છે.શરૂઆતમાં કંપનીએ કેટલાક લોકોને પૈસા આપ્યા, પરંતુ પછીથી તેણે અનિચ્છા દર્શાવવાનું શરૂ કર્યું.પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આ કંપનીએ ૬ વર્ષ સુધી લોકો પાસેથી પૈસા વસૂલ્યા. જો લોકો ફિક્સ્ડ ડિપોઝિટ અથવા અન્ય માધ્યમો દ્વારા કંપનીમાં રોકાણ કરશે તો તેમને મોટા વળતરનું વચન આપવામાં આવ્યું હતું. એટલું જ નહીં, લોકોનો વિશ્વાસ જીતવા માટે, મોંઘી અને મોટી હોટલોમાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું અને પ્રોત્સાહનોના નામે મલ્ટી-લેવલ માર્કેટિંગની જેમ એજન્ટો બનાવવામાં આવ્યા. એવું કહેવામાં આવી રહ્યું છે કે શરૂઆતમાં કંપનીએ કેટલાક લોકોને પૈસા આપ્યા હતા, પરંતુ જ્યારે કરોડો રૂપિયા એકઠા થયા ત્યારે મામલો અહીંથી બદલાઈ ગયો. હવે કંપની પૈસા આપવામાં ખચકાટ કરવા લાગી અને જ્યારે લોકોએ પૈસા માંગ્યા ત્યારે કંપનીના અધિકારીઓએ તેમના મોબાઈલ બંધ કરી દીધા.કંપનીએ ૨૦૨૩ માં પોતાનો સાચો રંગ બતાવ્યો. મોટા દાવાઓ કરીને અને લાલચ આપીને, સોસાયટીએ ઘણા વર્ષો સુધી પોતાનો વાસ્તવિક હેતુ છુપાવ્યો અને જ્યારે ધીમે ધીમે લોકોએ સોસાયટીના સભ્યો પર છેતરપિંડીનો આરોપ લગાવવાનું શરૂ કર્યું, ત્યારે સોસાયટીના માલિકોએ તેના એજન્ટો અને રોકાણકારો સાથેના બધા સંબંધો તોડી નાખ્યા. જ્યારે લોકો ઓફિસોમાં ગયા અને હોબાળો મચાવવા લાગ્યા, ત્યારે ત્યાં પણ તાળા મારી દેવામાં આવ્યા અને બધા અધિકારીઓ અને કર્મચારીઓ લોકોના કરોડો રૂપિયા લઈને ભાગી ગયા.

### ફિલ્મ 'થ્રી ઓફ અસ' ૨૦૨૩માં આવેલી, જે બહુ વખણાઈ હતી

# શેફાલી-જયદીપ આહલાવત વિપુલ શાહની 'હિસાબ'માં લીડ રોલ કરશે

જો બોલિવૂડમાં ચોરીની વાર્તા આધારિત ફિલ્મોની વાત કરવામાં આવે તો ૨૦૦૨માં આવેલી વિપુલ અમૃતલાલ શાહની ફિલ્મ 'આંખે' આજે પણ સૌથી યાદગાર ફિલ્મ છે. ચોરી પરની આ થ્રિલર ફિલ્મ એ સમયે બોક્સ ઓફિસ પર પણ બહુ સારી ચાલી હતી અને તેમજ વિવેચકોએ પણ આ ફિલ્મને વખાણી હતી. હવે આ જ ફિલ્મના ડિરેક્ટર પ્રોડ્યુસર વિપુલ અમૃતલાલ શાહ હવે એક નવી થ્રિલર બનાવવા જઈ રહ્યા છે, 'હિસાબ'ની વાર્તા પણ ચોરી પર આધારીત હશે. તેમાં શેફાલી શાહ અને જયદીપ આહલાવત લીડ રોલમાં જોવા મળશે. વિપુલ અમૃતલાલ શાહ પોતાનું એક હાઈસ્ટ થ્રિલર યુનિવર્સ તૈયાર કરવા માગે છે. 'આંખે'થી શરૂ થયેલી આ યુનિવર્સની સફર હવે 'હિસાબ' સાથે આગળ વધશે. આ પ્રકારનું એક યુનિવર્સ તૈયાર કરવા અંગે વિપુલ શાહે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું, ''ખરી પ્રેરણા તો નવા પ્રકારના ઈન્ડિયન સિનમાની વાર્તા કહેવાના વિચારથી મળી છે. પહેલાં તો અમને બધાએ ઘણા ટોક્યા અને આવું ન કરવા કહ્યું, ત્યારે અમે વિચાર્યું કે જો એ વખતે ભારત દેશ 'આંખે' જેવા નવા વિષયને સ્વીકારવા તૈયાર હતો. અમારી પાસે જોરદાર કાસ્ટ અને બહુ સારી ટેક્નિકલ ટીમ હતી. તેથી અમને આ ફિલ્મ બનાવવા પ્રોત્સાહન મળ્યું. એ વખતે યુવાન બળવાખોર મગજ હતું, જે સામા પ્રવાહે તરવા તૈયાર હતું. અમને એ સમયે અંદાજ પણ નહોતો કે આ આવી આઈકોનિક ફિલ્મ બની જશે.''જિયો સ્ટુડિયોઝ અને સનશાઈન પિક્ચર્સ 'હિસાબ' પ્રોડ્યુસ કરશે. જ્યારે વિપુલ અમૃતલાલ શાહ આ ફિલ્મ ડિરેક્ટ અને પ્રોડ્યુસ કરશે. ૨૦૨૫ના અંત ભાગમાં આ ફિલ્મ થિએટરમાં રીલિઝ થશે. તાજેતરમાં જ જયદીપ આહલાવતની 'પાતાલ લોક સીઝન ૨' પ્રાઈમ વીડિયો પર રિલીઝ થઈ છે. આ પહેલાં શેફાલી શાહ સાથે તેની ફિલ્મ 'થ્રી ઓફ અસ' ૨૦૨૩માં આવેલી, જે બહુ વખણાઈ હતી.



# હોલિવૂડ ફિલ્મના શૂટિંગ માટે બુડાપેસ્ટ પહોંચ્યો

રણદીપ હુડાની 'સ્વાતંર્ત્ય વીર સાવરકર' એક તરફ ૨૦૨૫માં ભારત તરફથી ઓસ્કારની ઓફિશિયલ એન્ટ્રી તરીકે મોકલવામાં આવી છે, બીજી તરફ રણદીપ હવે હોલિવૂડની ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યો છે. જેના માટે તે બુડાપેસ્ટ પહોંચી ગયો છે.૨૦૨૦માં તેણે હોલિવૂડની ફિલ્મ 'એક્સ્ટ્રેક્શન' માટે કામ કર્યું હતું, જે નેટફ્લિક્સ પર રિલીઝ થઈ છે. તેના અભિનયના હંમેશા વખાણ થયા છે, કારણ કે તેણે હંમેશા અલગ પ્રકારના રોલ પસંદ કર્યા છે. તેની ફિલ્મ 'સ્વાતંર્ત્ય વીર સાવરકર'ને ઓડિયન્સે ખૂબ વખાણી હતી. જોકે, તેની હોલિવૂડની ફિલ્મ અંગે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. ત્યારે રણદીપના નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર,''રણદીપ આ ફિલ્મ માટે ઘણો ઉત્સાહી છે. હાલ આ તબક્કે ખાસ માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ આ ફિલ્મમાં રણદીપ બિલકુલ નવા અંદાજમાં જોવા મળશે. આવતા અઠવાડિયે બુડાપેસ્ટમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ થશે.''રણદીપે 'એક્સ્ટ્રેક્શન'માં ક્રિસ હેમ્સવર્થ સાથે કામ કર્યું હતું. તેમાં તેની એક્શન સીક્વન્સ ખાસ વખણાઈ હતી. જ્યારે તેની વીર સાવરકરના જીવન પર આધારિત ફિલ્મ હવે ઓસ્કાર નોમિનેશન માટે 'કંગુવા', 'સંતોષ', 'ગર્લ્સ વિલ બી ગર્લ્સ', 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ', 'ધ ગોટ લાઈફ' તેમજ 'પુતુલ' સાથે રેસમાં હતી. આ ઉપરાંત તે સની દેઓલ સાથે 'જાટ'માં પણ કામ કરે છે, જે એપ્રિલમાં રિલીઝ થવાની છે. ગોપીચંદ માલિનેનીએ આ ફિલ્મ બનાવી છે. રણદીપે ૨૦૦૧માં 'મોનસૂન વેડિંગ'થી ડેબ્યુ કર્યું હતું.



### બધાની અને કેમેરાની નજર ડિમ્પલ કાપડિયા પર ટકેલી હતી

# સ્કાય ફોર્સના સ્ક્રીનિંગમાં ડિમ્પલ કાપડિયાની દોહિત્રીએ લુટી મહેફિલ

અક્ષય કુમારની આગામી ફિલ્મ 'સ્કાય ફોર્સ'નું સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજાયું હતું, જેમાં ફિલ્મની સ્ટારકાસ્ટ ઉપરાંત બોલિવૂડના ઘણા સ્ટાર્સ પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે અક્ષય કુમાર પત્ની ટ્વિંકલ સાથે જોવા મળ્યો હતો, પરંતુ બધાની નજર ડિમ્પલ કાપડિયા અને તેની દોહિત્રી નાઓમિકા સરન પર ટકેલી હતી.અજય દેવગનની પુત્રી ન્યાસા દેવગન પણ અહી જોવા મળી હતીજોકે, બધાની અને કેમેરાની નજર ડિમ્પલ કાપડિયા પર ટકેલી હતી, જેમાં એક છોકરી તેનો હાથ પકડીને બેઠી છેઆ બીજું કોઈ નહીં પણ તેમની દોહિત્રી નાઓમિકા સરન છે. આ દરમિયાન, નાઓમિકાએ તેની નાની ડિમ્પલનો હાથ પકડ્યો અને લોકો તેની આ શૈલીથી પ્રભાવિત થયા.રિંકી ખન્નાની દીકરી હંમેશા તેની સુંદરતાને કારણે સમાચારમાં રહે છે.નાઓમિકા ડિમ્પલ કાપડિયાની નાની પુત્રી રિંકી ખન્નાની પ્રિય પુત્રી છે, જે ઘણીવાર તેની સુંદરતા અને અક્ષય કુમારના પુત્ર આરવ સાથેના તેના મજબૂત બંધન માટે સમાચારમાં રહે છે.નાઓમિકા ઘણીવાર ઈન્ટરનેટ પર લોકોના દિલ જીતી લે છેરિંકી ખન્ના આજે ભલે લાઈમલાઈટથી દૂર હોય, પરંતુ નાઓમિકા ઘણીવાર ઈન્ટરનેટ પર લોકોના દિલ જીતી લે છે. નાઓમિકા લંડનમાં પોતાનો અભ્યાસ પૂર્ણ કરી રહી છે. તે તેના ભાઈ આરવ સાથે ખૂબ જ જોડાયેલો છે અને તેઓ ઘણીવાર સાથે મસ્તી કરતા જોવા મળે છે. રાજેશ ખન્ના અને ડિમ્પલની આ પૌત્રી તેની સુંદર આંખો માટે સમાચારમાં રહે છે, જે તેને વારસામાં મળી છેફિલ્મના સ્ક્રીનિંગમાં અર્જુન કપૂર પણ જોવા મળ્યો હતો અને તેની સાથે તસવીરો પડાવવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી.ફિલ્મના મુખ્ય હીરો અક્ષય કુમાર આ શૈલીમાં 'સ્કાય ફોર્સ'ના સ્ક્રીનિંગમાં પહોંચ્યા હતા. આ ફિલ્મમાં વીર પહારિયા પણ મુખ્ય હીરો તરીકે જોવા મળી રહ્યા છે, જે ફિલ્મના સ્ક્રીનિંગમાં ખૂબ જ ખાસ અંદાજમાં જોવા મળ્યા હતા.'



# WEFમાં રાજ્યો અને સંઘનું પ્રથમ વખત સંયુક્ત પ્રેસ

**શ્રી અશ્વિની વૈષ્ણવનું**

- ટીમ ઈન્ડિયા અને ભારતીય પેવેલિયન વિશેઃ "આ આપણા બધા માટે એક ખાસ પ્રસંગ છે. આપણા પ્રધાનમંત્રીએ અમને એક સંકલિત પેવેલિયન રાખવા માટે માર્ગદર્શન આપ્યું. તેથી, આ વખતે સમગ્ર ભારતની ટીમ અહીં એક ટીમ તરીકે હાજર છે. ભારત પેવેલિયન બધા રાજ્યોના પેવેલિયન સાથે સંપૂર્ણપણે સંકલિત છે.

આપણે દાવોસમાં આપણા વૈશ્વિક ભૂરાજકીય અને ભૂ-આર્થિક પરિદ્રશ્યમાં ખૂબ જ મહત્વપૂર્ણ તબક્કે છીએ. તમામ વિક્ષેપો અને વિશ્વ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તે છતાં, ભારત એક ખૂબ જ વિશ્વસનીય દેશ તરીકે ઉભરી આવ્યું છે જે IP અધિકારોનો આદર કરે છે, એક એવો દેશ જ્યાં લોકશાહી જીવંત છે. અમે વિશ્વને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે કોઈપણ પરિસ્થિતિમાં, આ તે દેશ છે જે શાંતિ, દરેક માટે વિકાસ અને સમાવેશી વિકાસમાં માને છે.

સ્વિટ્ઝર્લેન્ડ સાથે મુક્ત વેપાર કરાર સંબંધિત પ્રશ્ન પરઃ "સ્વિટ્ઝર્લેન્ડ અને ભારત ઘણા દાયકાઓથી ખૂબ જ મહત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદાર રહ્યા છે. આપણો વિશ્વાસનો સંબંધ છે. આપણે ઘણા સામાન્ય મૂલ્યો, લોકશાહીના મૂલ્યો, પરસ્પર વિશ્વાસ અને શાંતિ શેર કરીએ છીએ. આપણે જે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે તે એક અર્થમાં તે લાગણીઓ અને મૂલ્યોની પ્રગતિ છે. અમારું માનવું છે કે ઘણા ક્ષેત્રોમાં આપણે જીત-જીતના સંબંધો રાખી શકીએ છીએ. ટેકનોલોજી, સ્ટાર્ટઅપ, ફૂડ પ્રોસેસિંગ, પર્યટન, કૌશલ્ય વિકાસ અથવા શિક્ષણ જેવા બહુવિધ ક્ષેત્રોમાં અમને ખૂબ જ સારી તકો દેખાય છે.

રાજ્યો તેમજ ભારત સરકારના વિવિધ માનનીય મંત્રીઓ અને મુખ્યમંત્રીઓ દ્વારા હસ્તાક્ષર કરાયેલા ઘણા સમજૂતી કરારો તેનું પ્રતિબિંબ છે.

ટ્રમ્પ વહીવટ હેઠળ ભારતીય અર્થતંત્ર પર થતી અસર સંબંધિત એક પ્રશ્ન પરઃ "છેલ્લા ૧૦ વર્ષોમાં યુએસએ સાથેના અમારા સંબંધો ખૂબ જ પરિપક્વ રીતે વિકસિત થયા છે. અમે ઘણી તકનીકોનો સહ-વિકાસ કરી રહ્યા છીએ. અમે ઘણી ઉત્પાદનોનું સહ-નિર્માણ કરી રહ્યા છીએ. અમે ઘણા સંયુક્ત સંશોધન કાર્યક્રમો હાથ ધર્યા છે અને અમે QUAD નો ભાગ છીએ જ્યાં વિશ્વની સુરક્ષામાં અમારા સામાન્ય હિતો છે. અમારા ઘણા સામાન્ય ભૂ-વ્યૂહાત્મક હિતો છે અને અમે માનીએ છીએ કે યુએસમાં થયેલ આ સંક્રમણ સમગ્ર વિશ્વ માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. તે ભારત માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. અમે માનીએ છીએ કે યુએસ અને ભારત વચ્ચેના વિશ્વાસના સંબંધો ખરેખર બંને દેશોના વિકાસમાં મદદ કરશે, પછી ભલે તે ટેકનોલોજી અર્થતંત્રમાં હોય કે અન્ય ઘણા ક્ષેત્રોમાં."

ભારતમાં રોકાણકારો કયા ક્ષેત્રોમાં રોકાણ કરવા માટે સૌથી વધુ રસ ધરાવે છે તે અંગેના પ્રશ્નના જવાબમાંઃ "રોકાણકારો અનેક ક્ષેત્રોમાં રસ ધરાવે છે જેમ કે ટેકનોલોજી - સેમિકન્ડક્ટર, એઆઈ, ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન, સંશોધન, ડિઝાઈન, જીસીસી. આપણે આ બધાને ટેકનોલોજી છત્ર હેઠળ જોડી શકીએ છીએ. તે ઉપરાંત, કૌશલ્ય, ઉડ્ડયન, ખાદ્ય પ્રક્રિયા, પર્યટન, સમુદ્ર (માછીમારી), ઊર્જા જેવા ઘણા અન્ય ક્ષેત્રો પણ રોકાણકારો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે."

ભારતમાં યુરોપિયન રોકાણ અંગેઃ "અમારી પાસે રોકાણ દરખાસ્તોની સંખ્યા અંગે, અમે અત્યાર સુધી આવેલા તમામ દરખાસ્તોને એકત્રિત કરીશું, પરંતુ સંખ્યાઓ ખૂબ મોટી છે. હું વિશ્વાસ સાથે કહી શકું છું કે વિશ્વ ભારતને ટેકનોલોજીના સહ-નિર્માણ, નવી એપ્લિકેશનો વિકસાવવા, સ્થાનિક માંગ માટે એક સ્થળ તરીકે જોઈ રહ્યું છે. વિશ્વ ભારતને વૈશ્વિક ઉત્પાદનના કેન્દ્ર તરીકે જોઈ રહ્યું છે.

ચીન સાથે યુરોપિયન વેપાર તણાવ પરઃ "આપણા વડા પ્રધાને અમને ખૂબ જ સ્પષ્ટ વિચાર આપ્યો છે કે આપણે વિશ્વ સાથે વિશ્વાસના આધારે આપણા સંબંધો વિકસાવવા જોઈએ. વિશ્વાસ ઘણા પ્રયત્નો સાથે આવે છે. તેના માટે ખૂબ જ સખત મહેનત, પારદર્શિતા અને એકબીજાને સમજવાનો સમયગાળો જરૂરી છે. અમે માનીએ છીએ કે આજે EU સાથેના આપણા સંબંધો સંપૂર્ણપણે વિશ્વાસ પર આધારિત છે, તે જ અમને વધુ મદદ કરશે."

અમે દ્વિસંગીઓમાં વિચારતા નથી. અમે 'અથવા' કરતાં 'અને' મા માનીએ છીએ. તેથી અમે માનીએ છીએ કે અમારી ડિઝાઈન ક્ષમતાઓ અને ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રતિભા પૂલ, અને અમારા વડા પ્રધાને અમને જે રીતે ખૂબ જ સ્થિર નીતિ શાસન આપ્યું છે તે અમને સારા પરિણામો આપશે. અમે દરેક ક્ષેત્રમાં સહયોગ કરીએ છીએ તેમાં ઈ અને ભારત માટે જીત-જીતમાં માનીએ છીએ.

આગામી દાવોસમાં ભારતને 'એક' તરીકે રજૂ કરવા સંબંધિત એક પ્રશ્ન પરઃ "આ બેઠકમાં આપણી પાસે ખૂબ જ વરિષ્ઠ નેતાઓ છે અને એવા લોકો છે જેમને ઘણો અનુભવ છે. તેમણે દુનિયાને ઘણા જુદા જુદા દ્રષ્ટિકોણથી જોયું છે. જ્યારે આપણે બધા જુદા જુદા રાજકીય પક્ષો, જુદા જુદા પ્રદેશો, જુદી જુદી ભાષાઓ, અહીં રજૂ થતી વિવિધતામાંથી સાથે હોઈએ છીએ ત્યારે આપણે આ સમગ્ર વૈવિધ્યસભર જૂથની અંદર એકતાનું પણ પ્રતિનિધિત્વ કરીએ છીએ. અમારો હેતુ સામાન્ય છે. આગળ વધતાં, આપણે એક ટીમ તરીકે કામ કરીશું અને આપણી વચ્ચે બહુવિધ ચર્ચાઓ કરીશું."

**શ્રી એન ચંદ્રબાબુ નાયડુના અવતરણો**

ટીમ ઈન્ડિયા' પરઃ "પહેલી વાર, હું ટીમ ઈન્ડિયાને એક જ જગ્યાએ એક જ અવાજમાં વાત કરતી જોઈ રહ્યો છું. હું બધા ભારતીયોને અપીલ કરું છું, આ પહેલી વાર છે જ્યારે હું દાવોસ અને એક જાણીતા ભારતીય પ્રતિનિધિમંડળ દ્વારા સારો આવકાર જોઈ રહ્યો છું."

ભારત ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે, બ્લૂમબર્ગનો અંદાજ પણ છે કે ૨૦૨૮ સુધીમાં GDP વૃદ્ધિના સંદર્ભમાં ભારત નંબર વન હશે અને ત્યારથી તે રોકી શકાશે નહીં. આપણે સૌથી ઝડપી વૃદ્ધિ દરે વિકાસ કરીશું. આપણે સ્થિરતા પ્રદાન કરી શકીશું અને લોકશાહી રીતે દરેક વ્યક્તિ હવે વિકાસ ભારતમાં વિશ્વાસ કરી રહી છે અને તેઓ તે તરફ કામ કરી રહ્યા છે. ભારત સરકારે ખૂબ જ મજબૂત સિદ્ધાંતો મૂક્યા છે."

"ભારત પર્યાવરણીય સ્થિરતા એટલે કે પેરિસ કરારમાં માને છે. અમે નવીનીકરણીય ઉર્જામાં 500 GW ક્ષમતા ઉમેરવા જઈ રહ્યા છીએ. મને ખૂબ આનંદ છે કે બધા રાજ્યો આ માટે સ્પર્ધા કરી રહ્યા છે. આંધ્રપ્રદેશ નવીનીકરણીય ઉર્જાની 165 GW ક્ષમતા ઉમેરવા જઈ રહ્યું છે અને શ્રી ફડણવીસ ઘણું વધારે ઉમેરવા જઈ રહ્યા છે. તેલંગાણા સરકાર પણ મોટા પાયે ઉમેરો કરવા જઈ રહી છે."

"અહીં આપણે અલગ અલગ રાજકીય પક્ષો હોઈ શકીએ છીએ, પરંતુ જ્યારે આપણે દાવોસ આવીએ છીએ ત્યારે આપણે બધા એક છીએ - 'ભારત પહેલા, આપણા લોકો પહેલા' એ અમારું સૂત્ર છે. દાવોસ પર્યાવરણીય ટકાઉપણું, ટેકનોલોજી અને ડીપ ટેકનોલોજી અને જીવનના તમામ કાર્યોમાં તેનો અમલ કેવી રીતે કરવો તેના પર કેન્દ્રિત છે. તે આરોગ્ય હોઈ શકે છે, તે કૃષિ અને અન્ય ક્ષેત્રો હોઈ શકે છે અને માનવ વિકાસ કેવી રીતે વિકસિત કરવો તે પણ હોઈ શકે છે. હું તમને બધાને અપીલ કરું છું, ભારત હાલમાં સારી સ્થિતિમાં છે. આર્થિક સુધારાઓ, ટેકનોલોજીનો યોગ્ય સમયે સ્વીકાર, વસ્તી વિષયક લાભાંશ, સ્થિર વિકાસ દર અને મજબૂત નીતિઓ પણ. નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારત બ્રાન્ડ ખૂબ જ મજબૂત છે."

"આજે બપોરે અમે બધા મુખ્યમંત્રીઓ સાથે ભારત સંવાદ કર્યો. અમે લોકોને સાચો સંદેશ આપ્યો છે. તે જ સમયે, અશ્વિનીજી પણ ખૂબ સારી રીતે સંકલન કરી રહ્યા છે. તે સારી વાત છે, ઓછામાં ઓછું આપણે બધાએ લોકોને કહેવું પડશે કે આપણે શું કરવા જઈ રહ્યા છીએ. આપણે બધા રોકાણ કેવી રીતે આકર્ષિત કરવું, વસ્તુઓ કેવી રીતે શીખવી, દુનિયા કેવી રીતે આગળ વધી રહી છે તેના પર કામ કરી રહ્યા છીએ. આપણે જે બધું સમજીએ છીએ અને તે મુજબ આપણે ભવિષ્ય માટે યોજના બનાવવા જઈ રહ્યા છીએ. શ્રેષ્ઠ કેન્દ્રીય ટીમ મોકલવા બદલ હું માનનીય પ્રધાનમંત્રીનો આભાર માનું છું. પહેલા ફક્ત એક કે બે મંત્રીઓ આવતા હતા પરંતુ આ વખતે વ્યક્તિગત રીતે પસંદ કરાયેલી ટીમ ભારતને રજૂ કરવા માટે દાવોસ આવી છે."

ભારતમાં રોકાણ કરવા માટે રોકાણકારો સૌથી વધુ રસ ધરાવતા ક્ષેત્રો સંબંધિત પ્રશ્નના જવાબમાંઃ "આજે તમે જોઈ રહ્યા છો કે દુનિયા જોઈ રહી છે અને તેઓ ભારતની સંભાળ પણ રાખી રહ્યા છે. ઘણા બધા ક્ષેત્રો છે અને તકો પણ પુષ્કળ છે. નવીનીકરણીય ઉર્જા અને ગ્રીન હાઈડ્રોજન માટે ભારત તેનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. વૈશ્વિક સમુદાય માટે ભારત તરફથી આ જ યોગદાન છે. જો તમે આજે જુઓ તો લગભગ તમામ ટેક કંપનીના સીઈઓ ભારતીય મૂળના છે. ભારત બે ત્રણ પાસાઓમાં સારી સ્થિતિમાં છે - એક પહેલો ફાયદો છે અને ટેકનોલોજી એ બધું છે. આજે, ટેકનોલોજી દરેક વસ્તુમાં, આર્થિક પ્રવૃત્તિમાં અને રોજિંદા જીવનમાં સંકલિત છે. બીજું, ભારતીયોને વસ્તી વિષયક લાભ મળી રહ્યો છે. ભારતીયો વૈશ્વિક સમુદાયને સેવાઓ પૂરી પાડી રહ્યા છે અને જો તમે જુઓ કે ભારતીયો વૈશ્વિક સ્તરે સૌથી સ્વીકાર્ય સમુદાય છે. જો તમે કોઈપણ દેશમાં જાઓ છો, તો તેઓ સૌથી સ્વીકાર્ય છે. આ બધા વિવિધ ફાયદા છે જે ભારતને મળી રહ્યા છે. આ ટીમ પોતે તેનું પ્રતિબિંબ છે. હમણાં જ મેં વર્લ્ડ ઈકોનોમિક ફોરમના સ્થાપક પ્રોફેસર સ્કવોબ સાથે વાત કરી, તેઓ ભારતીય ભાગીદારીથી ખૂબ ખુશ હતા અને તેમણે ખાસ કરીને માનનીય વડા પ્રધાન અને આપણા બધા માટે આ સન્માનની શુભેચ્છા પાઠવી. એકવાર આદર આપવામાં આવે, તો આપમેળે વિકાસ થાય છે અને રોકાણ આવે છે. ભારત માટે સુવર્ણ યુગ શરૂ થયો છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં આ બેઠક તેનો સંકેત છે."

**આગામી દાવોસમાં ભારતને 'એક' તરીકે રજૂ કરવાના પ્રશ્ન પરઃ**

★ ભારતનું બ્રાન્ડ ૧૦ વર્ષ પહેલાની સરખામણીમાં ખૂબ જ મજબૂત છે. ભારતનું બ્રાન્ડ વર્ષ-દર-વર્ષ ખૂબ જ મજબૂત છે અને તે વધુ મજબૂત બનશે. જ્યારે પણ આપણો વિકાસ દર વધશે, ત્યારે આપણો વધુ આદર કરવામાં આવશે. જો તમે અહીં જુઓ, વિવિધ રાજ્યો, વિવિધ રાજકીય પક્ષો, પરંતુ આપણે બધા એક જ અવાજ છીએ - 'ભારત પ્રથમ'. આજે દુનિયા કહી રહી છે કે ભારત ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. મેં તમને ત્રણ-ચાર સિદ્ધાંતો કહ્યા છે જે પ્રેરક બળ છે.

★ આ બધી બાબતો ઉપરાંત, નેતૃત્વ મહત્વપૂર્ણ છે. ભારત એક મજબૂત નેતાના કારણે આગળ વધી રહ્યું છે. ભારતનો મૂળ વિકાસ દર ૨ ટકા હતો, હવે આપણે પાંચમા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર છીએ અને આગામી ૩-૪ વર્ષમાં આપણે ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બનીશું. હવે ખરીદ શક્તિ સમાનતાની દ્રષ્ટિએ આપણે ત્રીજા ક્રમે છીએ. ૨૦૪૭ સુધીમાં, ૧૦૦% બીજા ક્રમે અથવા પ્રથમ ક્રમે હોઈશું.

★ આત્મવિશ્વાસ સાથે, આપણે આગળ વધવું પડશે અને આપણા યુવાનો તેને ઉપાડવા માટે તૈયાર છે. દુનિયામાં કોઈને શંકા નથી. જો તમે રોકાણ ચૂકી જશો તો તમે કાયમ માટે ગુમાવશો. આ વૈશ્વિક સમુદાય, વૈશ્વિક રોકાણકારો માટે એક તક છે. હું અપીલ કરું છું. અમારામાંથી પસંદ કરો, અમે બધા સારું પ્રદર્શન કરી રહ્યા છીએ. જો તમે મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગણા કે તમિલનાડુ જાઓ છો તો ફડણવીસ સારું પ્રદર્શન કરી રહ્યા છે.

★ "આપણે દાવોસ પાસેથી ટેકનોલોજી લઈ રહ્યા નથી; બલ્કે, આપણે તેને વૈશ્વિક સમુદાયમાં યોગદાન આપી રહ્યા છીએ. આ દર્શાવે છે કે આપણે આજે ક્યાં ઉભા છીએ. તે જ સમયે, આપણા માનનીય પ્રધાનમંત્રીએ ટેકનોલોજી માટે મજબૂત પાયો નાખ્યો છે, જે આપણી સૌથી મોટી તાકાત છે.

★ ગહન ટેકનોલોજી હવે જીવનના તમામ ક્ષેત્રોને પ્રભાવિત કરી રહી છે. જો તમે તમિલનાડુ તરફ નજર નાખો, તો રાજાએ છેં વિશે વાત કરી છે; કેરળના અમારા કોમ્યુનિસ્ટ પાર્ટીના મિત્રોએ વિકાસ અને સ્પર્ધા વિશે ચર્ચા કરી છે.

★ આ સહયોગની ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેલંગાણા પહેલાથી જ ટેકનોલોજીમાં એક અદ્યતન તબક્કામાં છે, અને આપણે બધા ટેકનોલોજીની તાકાત, ભારતની તાકાત અને આપણી સામૂહિક શક્તિને ઓળખીએ છીએ.

★ સ્પર્ધા જરૂરી છે - જો આપણે સ્પર્ધા નહીં કરીએ, તો આપણે પાછળ રહી જઈશું. જોકે, આપણે 'ઈન્ડિયા ફર્સ્ટ' વિઝન અને આપણા માનનીય વડા પ્રધાનના નેતૃત્વ હેઠળ રાષ્ટ્ર નિર્માણ માટે એકબીજાના પૂરક બનીને સ્પર્ધા કરી રહ્યા છીએ.

★ AI હવે એક વાસ્તવિકતા બની ગઈ છે. આજે, મને ગર્વથી કહેવું પડે છે કે ભારતીયો વૈશ્વિક સ્તરે સૌથી વધુ માથાદીઠ આવક મેળવનારા લોકો બન્યા છે. મૂળભૂત રીતે, ભારતીયો વિશ્વમાં સૌથી મોટો સંપત્તિ સર્જન કરનાર સમુદાય બનાવશે. જો આપણે બધા સાથે મળીને કામ કરીશું, તો ભારત નિઃશંકપણે વૈશ્વિક સ્તરે નંબર વન કે નંબર બે બનશે. આ હાંસલ કરવા માટે, આપણે સ્પર્ધા કરવી જોઈએ અને એકબીજાના પૂરક બનવું જોઈએ - આગળ વધવાનો બીજો કોઈ રસ્તો નથી.

**શ્રી દેવેન્દ્ર ફડણવીસના અવતરણો**

★ "દાવોસમાં આપણે એક ભારત જોઈ શક્યા અને તે સહકારી અને સ્પર્ધાત્મક સ્વતંત્રતાનું એક ઉત્તમ ઉદાહરણ છે જ્યાં આપણે એક અવાજમાં વાત કરી રહ્યા છીએ.

★ તે જ સમયે આપણે વ્યવસાય માટે અને આપણા રાજ્યની ક્ષમતાઓ દર્શાવવા માટે સ્પર્ધા કરી રહ્યા છીએ, તેથી સહકારી અને સ્પર્ધાત્મક સંઘવાદમાં આનો જ વિચાર કરવામાં આવે છે.

★ અમારા માટે આ ઉભરતી ટેકનોલોજીઓને સમજવાનો, ઉભરતી ટેકનોલોજીઓને ઘરે પાછી લઈ જવાનો, વિવિધ વ્યવસાયો સાથે વાતચીત કરવાનો અને તેમને કહેવાનો મંચ છે કે અમે અમારા રાજ્યો અને અમારા દેશમાં તેમનું સ્વાગત કરવા માંગીએ છીએ અને મને લાગે છે કે અમે અહીં સફળતાપૂર્વક તે કરી શકીશું.

"ભારત પેવેલિયન એક ભારત સાથે પડઘો પાડે છે. તે ખરેખર એક મહાન બાબત છે અને તે માટે અશ્વિનીજી અને આપણા વડા પ્રધાનનો આભાર."

★ "આજે ભારત સૌથી ઝડપી ગતિએ વિકાસ કરી રહ્યું છે, તો પછી આપણે ૫ ટ્રિલિયન અર્થતંત્ર બનવાની, ત્રીજા સૌથી મોટા અર્થતંત્રમાં સ્થાન મેળવવાની ઈચ્છા રાખીએ છીએ.

★ બધા રાજ્યો સાથે મળીને વિકાસ કરે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. એક સમય હતો જ્યારે ૩-૪ રાજ્યોને વિકાસનો હિસ્સો મળતો હતો, હવે ૧૫-૧૭ રાજ્યો સ્પર્ધા કરી રહ્યા છે અને તેઓ પોતાની શક્તિનું પ્રદર્શન કરી રહ્યા છે અને રોકાણ આકર્ષી રહ્યા છે.

★ જો આપણે સાથે મળીને વિકાસ કરીશું, તો ભારતનો વિકાસ થશે. અમને એકબીજા સાથે શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવાની તક પણ મળી.

★ "આપણે બધા AI પર કામ કરી રહ્યા છીએ, આપણે આપણા વ્યવસાયોમાં, આપણા શિક્ષણ ક્ષેત્રમાં, આપણા સમુદાયોમાં એકીકૃત થવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

★ મહારાષ્ટ્રના દ્રષ્ટિકોણથી આપણે WEF પાસેથી ઘણી બધી બાબતો પાછી લઈ રહ્યા છીએ.

★ વ્યવસાયો સાથે અમારી વાતચીત ખૂબ જ સફળ રહી અને અમને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે અમે મોટા ખેલાડીઓ સાથે ૧૬ લાખ કરોડના MOU કરી શકીએ છીએ. લગભગ 90% MOU આપણા દેશ અને આપણા રાજ્યોમાં FDI લાવશે.

## સંસ્કાર, જીવનશૈલી, સંસ્કૃતિ, સભ્યતા, પરંપરા અને રાષ્ટ્ર તથા સમાજ પ્રત્યે આપણી જવાબદારી એ જીવનનો આધાર છેઃ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી

### ગુજરાતની ધરતી પર જ્ઞાન, સમજ અને સહકારની સરવાણી વહે છે, એટલે જ સમગ્ર દેશમાં અગ્રેસર છેઃ એમ. વૈંકૈયા નાયડુ



। ગાંધીનગર, તા.૨૫ ।

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, તમે જીવનમાં કંઈ પણ બનો, ડૉક્ટર, એન્જિનિયર, પ્રોફેસર કંઈ પણ બનો, પરંતુ માનવ બની રહેજો. માનવતા ક્યારેય ન છોડતા, એવી માનવતા જે બીજાના દુઃખોને સમજે, બીજાના ઘાવને પોતાના હૃદયરૂપી મલમથી સાજો કરી શકે. જો આ ભાવના તમારામાં નથી તો તમે મેળવેલા અક્ષરજ્ઞાનનું કોઈ મહત્વ નથી. ગુજરાત યુનિવર્સિટી-ના ૭૩મા દીક્ષાંત સમારોહમાં મહાનુભાવોના હસ્તે વિવિધ વિદ્યાશાખાના કુલ ૪૬,૧૩૧ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. જેમાં આર્ટસના ૯૭૭૫, સાયન્સના ૫૦૮૯, ઈજનેરીના ૦૩, લૉ ના ૨૭૨૮, મેડિકલના ૧૨૮૨, કોમર્સના ૨૩,૯૨૭, ડેન્ટલના ૬૦, એજ્યુકેશનના ૩૨૬૬, ફાર્મસીના ૦૧ મળી કુલ ૪૬,૧૩૧ વિદ્યાર્થીઓને ડિગ્રી તથા ૧૪૮ વિદ્યાર્થીઓને ૨૬૦ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાચીન ભારતમાં ગુરુઓ બાળકને એક વાત કહેતા હતા કે, જે મનમાં છે તે જ વાણીમાં આવે અને જે વાણીમાં છે તે જ કર્મોમાં હોય એવું સાત્વિક જીવન જીવશો, તો દુનિયામાં હંમેશાં સન્માન મળશે અને એક સારા સમાજની રચના થશે. જીવનમાં એવા ગુરુ ધારણ કરવા કે, જેના સંપર્કમાં રહીને તમે સુખી થાઓ અને તમારા સંપર્કમાં આવનાર પણ સુખી થાય. જેમ ખેડૂત ખેતરમાં ન જાય તો ખેતી બરબાદ થઈ જાય છે, તેમ અભ્યાસ વિનાની વિદ્યા લુપ્ત થતી જાય છે. જીવનમાં જે વિષયને તમે પસંદ કર્યો અને જે વિષયની ડીગ્રી પ્રાપ્ત કરી છે, તેને હંમેશાં શીખતાં રહેવું જોઈએ. વિદ્યાને વધારતા રહેવું જોઈએ. આજીવન વિદ્યાર્થી રહેવું જોઈએ, ત્યારે તમે પોતાનું અને બીજાનું ભલું કરી શકશો. જે જ્ઞાન લીધું તેને પોતાના સુધી સીમિત ન રાખવું જોઈએ. ગુરુઓએ જે જ્ઞાન આપ્યું છે તેનો ફક્ત પોતાના લાભ માટે ઉપયોગ ન કરવો જોઈએ, પરંતુ એ તમામને આપવું જોઈએ, તમારું જ્ઞાન તમામ માટે કલ્યાણકારી બનવું જોઈએ.રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉમેર્યું કે, તમારા માતા-પિતા ગુરુ જેમણે અહીં સુધી તમને પહોંચાડ્યા તેમના પ્રત્યે હંમેશાં આદર અને સન્માન ભાવ રાખવો જોઈએ. તેઓ સ્વયં અભાવમાં રહ્યા અને તમને કંઈ અભાવ ન થવા દીધો પોતે સારા કપડાં ન પહેર્યા અને તમને સારા કપડાં પહેરાવ્યાં. પોતે એટલું ભણી ન શક્યા પરંતુ તમને આ ઐતિહાસિક સંસ્થામાં ભણવા મોકલ્યા તેમના પ્રત્યે સન્માન અને આદરભાવ ક્યારેય ઓછો થવો ન જોઈએ.

રાજયપાલશ્રીએ જણાવ્યું કે, એવું ભણતર કે જે, માનવતા માટે હાનિકારક હોય તે ક્યારેય નજીક ન આવવું જોઈએ. જેમ પૂજ્ય બાપુ કહેતા કે, 'મારું જીવન જ મારો સંદેશ છે', આ વિચાર માનવના જીવનમાં હશે તો ભણેલી વિદ્યા આપણા કામની થશે, નહીંતર, ફક્ત અક્ષરજ્ઞાન માણસને મહાન બનાવી દે તે સંભવ નથી. સંસ્કાર, જીવનશૈલી, સંસ્કૃતિ, સભ્યતા, પરંપરા અને રાષ્ટ્ર તેમજ સમાજ પ્રત્યે આપણી જવાબદારી એ જીવનનો આધાર છે. દુનિયામાં સારપ જ શાશ્વત છે. સત્ય અને અહિંસાનો સિદ્ધાંત જ ટકાઉ છે. આ વિચાર ભણેલા-ગણેલા લોકોમાં હોય અને આ વિચાર લઈને સમાજમાં જે પડકારો છે તેનો સામનો કરીએ તો એક સારા સમાજનું નિર્માણ કરી શકીએ.

## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળની ત્રણ જોડી મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેનોમાં જોડવામાં આવ્યા વધારાના કોચ

। અમદાવાદ, તા.૨૫ ।

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને વધારાની ભીડ ને ધ્યાનમાં રાખીને, અમદાવાદ મંડળ થી ચાલનારી ત્રણ જોડી મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેનોમાં ચાર-ચાર કોચ વધારાના ઉમેરવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

૧. ટ્રેન નં. ૦૯૪૧૩/૦૯૪૧૪ સાબરમતી-બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેન માં સાબરમતી થી ૫,૯,૧૪ અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ તથા બનારસથી ૬,૧૦,૧૫ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બે એસી ૩-ટાયર અને બે સ્લીપર ક્લાસ ના વધારાના કોચ ઉમેરવામાં આવશે.

૨. ટ્રેન નં. ૦૯૪૨૧/૦૯૪૨૨ સાબરમતી-બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેન માં સાબરમતીથી ૨૩ અને ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ તથા બનારસથી ૨૪ અને ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બે એસી ૩-ટાયર અને બે સ્લીપર ક્લાસ ના વધારાના કોચ ઉમેરવામાં આવી રહ્યા છે.

૩. ટ્રેન નં. ૦૯૪૦૩/૦૯૪૦૪ અમદાવાદ-જંઘઈ-અમદાવાદ મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેન માં અમદાવાદથી ૫,૧૪,૧૫,૧૮,૧૯ અને ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ તથા જંઘઈ થી ૭,૧૬,૧૭,૨૦,૨૧ અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બે એસી ૩-ટાયર અને બે સ્લીપર ક્લાસ ના વધારાના કોચ ઉમેરવામાં આવશે. ટ્રેનોના સ્ટોપેજ સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## અમદાવાદ-લોકમાન્ય તિલક ટર્મિનસ વચ્ચે વધુ એક સ્પેશિયલ ટ્રેનનું સંચાલન

। અમદાવાદ, તા.૨૫ ।

રેલ્વે પ્રશાસન દ્વારા મુસાફરોની સુવિધા અને વધારાની ભીડ ને ધ્યાનમાં રાખીને,અમદાવાદ-લોકમાન્ય તિલક ટર્મિનસ (મુંબઈ) વચ્ચે ખાસ ભાડા પર વધુ એક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ

- ટ્રેન નં. ૦૧૦૦૪/૦૧૦૦૩ અમદાવાદ-લોકમાન્ય તિલક ટર્મિનસ સ્પેશિયલ (બે ટ્રિપ)

ટ્રેન નંબર ૦૧૦૦૪ અમદાવાદ-લોકમાન્ય તિલક ટર્મિનસ સ્પેશિયલ ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ (સોમવાર) ના રોજ અમદાવાદથી ૦૪.૦૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૩:૩૦ વાગ્યે લોકમાન્ય તિલક ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૧૦૦૩ લોકમાન્ય તિલક ટર્મિનસ-અમદાવાદ સ્પેશિયલ ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ (રવિવાર) ના રોજ લોકમાન્ય તિલક ટર્મિનસથી ૦૦:૫૫ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૧૧.૨૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

માર્ગ માં બંને દિશામાં આ ટ્રેન વડોદરા, ઉધના, વાપી, વસઈ રોડ, ભિવંડી રોડ અને થાણે સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી-૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર અને જનરલ ક્લાસના કોચ હશે.

## તાપી જિલ્લામાં રાજ્યકક્ષાના ૭૬માં પ્રજાસત્તાક દિવસની રંગેચંગે ઉજવણી કરાશે

। ગાંધીનગર, તા.૨૫ ।

તાપી જિલ્લામાં ૨૬ મી જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સહિત સંલગ્ન તમામ કાર્યક્રમોની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. તાપી જિલ્લા પ્રભારી સચિવ શ્રી મિલિંદ તોરવણેના વડપણ હેઠળ ગણતંત્રની ઉજવણીનું અંતિમ રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર ધ્વજવંદન કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, પોલીસ પરેડ, પોલીસ વિભાગ દ્વારા યોજનારા બ્રાસ બેન્ડ ડિસપ્લે, સાંસ્કૃતિક કાર્યક્રમ, મોટરસાયકલ સ્ટંટ શો, ડોગ શો, અશ્વ શો, હેલિકોપ્ટરથી પુષ્પ વર્ષા, હર્ષ ધ્વનિ, સહિત પુરસ્કાર અને ટ્રોફી વિતરણનું પણ રિહર્સલ કરવામાં આવ્યું હતું.

## ઝાલોદ પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે રાષ્ટ્ર સેવિકા સમિતિ દ્વારા મહિલાઓ માટે નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો

### મહિલાઓમા બ્રેસ્ટ કેન્સર અંગે સજાગતા અને જાગૃતિ વધે તેવો મુખ્ય ઉદ્દેશ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૫ ।

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજસિંહ દ્વારા YOUWECAN ફાઉન્ડેશન ચલાવે છે આ ફાઉન્ડેશન દ્વારા મુખ્યત્વે મહિલાઓને થતા બ્રેસ્ટ કેન્સર વિશે કેવી રીતે સજાગતા રાખવી તેમજ જો બ્રેસ્ટ કેન્સર થાય તો તેનાથી કેવી રીતે લડવું અને કેવી રીતે તેનું નિદાન કરાવવું તે વિશે માહિતી પ્રદાન કરે છે અને સારવાર કરાવવા જરૂરી પ્રયત્નો પણ કરે છે. તેમજ આ સંસ્થા એક ભારતીય અને બિન લાભકારી સંસ્થા છે જે કેન્સર સામે લડવા સમર્પિત છે. આ સંસ્થાની સ્થાપના ૨૦૧૨ માં કરવામાં આવી હતી. આ સંસ્થાની સ્થાપના ભૂતપૂર્વ ક્રિકેટર યુવરાજસિંહ અને તેમની માતા શબનમસિંહની મદદ થી કરવામાં આવી હતી. આ એસોસિએશન ચાર મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કેન્સર જાગૃતિ, સ્ક્રીનીંગ, સારવાર સહાય અને સર્વાઈવર સશક્તિકરણ. આ ફાઉન્ડેશનની મુખ્ય કામગીરી ભારતમાં છે.

ફાઉન્ડેશન ગ્રામીણ વિસ્તારોમાં મૌખિક, સ્તન અને સર્વાઇકલ કેન્સર અને કેન્સર સ્ક્રીનીંગ માટે જિલ્લા-સ્તરના સામુદાયિક આરોગ્ય કેન્દ્રોમાં સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરે છે.

સ્વસ્થ મહિલા સ્વસ્થ ભારત તરીકેનો આ બ્રેસ્ટ કેન્સર જાગૃતિ નો કાર્યક્રમ ૧૫ રાજ્યના ૧૫ જિલ્લામા થઈ રહેલ છે તે અન્વયે આ પ્રોગ્રામ માટે ગુજરાતમા દાહોદ જિલ્લાને પસંદ કરવામાં આવેલ છે. દાહોદ જિલ્લામાં મહિલાઓમાં પોતાના સ્વાસ્થ્ય ની કાળજી ઓછી કરતી હોવાનું તારણ કાઢવામાં આવેલ છે જેથી મહિલાઓ ને બેસ્ટ કેન્સર ને ડિવાઈસ દ્વારા ડિટેક્ટિ કરી યોગ્ય સારવાર કરવામાં આવે અને જો કોઈ પણ મહિલાને સારવાર ની જરૂર સર્જાય તો દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવે. આજનો આ મેડીકલ નિઃશુલ્ક કેમ્પ સ્વસ્થ મહિલા સ્વસ્થ્ય ભારત અંતર્ગત આજે પ્રભુતા પાર્ટી પ્લોટ ખાતે રાષ્ટ્ર સેવિકા સમિતિ દાહોદ જિલ્લા દ્વારા રાખવામાં આવ્યો હતો. આજના આ કેમ્પમા મોટા પ્રમાણપત્ર મહિલાઓ ઉપસ્થિત રહી હતી.


નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોના ઔપચારિક સ્વાગતમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજર રહ્યા હતા.

### ડેલ્ફિને મોન્ટે પાશીમાનો પોતાનો હિસ્સો વધારીને ૧૦ ટકા કર્યો છે

# ઈટાલીની બેન્ક MPS Y. 1.2 લાખ કરોડમાં અન્ય બેન્ક હસ્તગત કરશે

### મીડિયોબેન્કાના રોકાણકારોને બેન્કના પ્રત્યેક ૧૦ શેરના બદલામાં મોન્ટે પાશીના ૨૩ શેર્સની ઓફર

। (એજન્સી) રોમ, તા.૨૫ ।

ઈટાલીની વિશ્વની સૌથી જૂની બેન્ક મોન્ટે ડેઈ પાશી ડી સીએના (એમપીએસ)એ ૧૩.૯ અબજ ડોલર (આશરે રૂ. ૧.૨ લાખ કરોડ)માં મીડિયોબેન્કા નામની અન્ય એક બેન્કને હસ્તગત કરવા માટેની બિડ લોન્ચ કરી છે. આ ઓફર અંતર્ગત એમપીએસએ, મીડિયોબેન્કાના પ્રત્યેક શેરનું મૂલ્ય ૧૫.૯૯ યુરો આંક્યું છે, જે તેનાશેરના ગુરૂવાર બંધ ભાવના પાંચ ટકા પ્રીમિયમે છે. મોન્ટે પાશી હાલમાં ૯ અબજ યુરોનું જ્યારે મીડિયોબેન્કા ૧૨.૭ અબજ યુરોનું માર્કેટ કેપ ધરાવે છે. એમપીએસ દ્વારા કરાયેલી ઓફર અનુસાર, મીડિયોબેન્કાના રોકાણકારોને બેન્કના પ્રત્યેક ૧૦ શેરના બદલામાં મોન્ટે પાશીના ૨૩ શેર્સ મળશે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭ના બેઈલઆઉટ કાર્યક્રમ બાદ ઈટાલિયન સરકાર જે બેન્કમાં સૌથી મોટી શેરધારક છે તે બેન્કનું પુનઃખાનગીકરણ કરવાની દિશામાં આગળ વધી રહી છે તેવા સમયે આ ટેકઓવરની બિડ લોન્ચ




કરાઈ છે. મોન્ટે પાશીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ સોદાથી નફાના સ્તરમાં નોંધપાત્ર વધારો થવાની સાથે સાથે જ મૂડની સ્થિતિ અત્યંત મજબૂત બનશે. ઈટાલિયન ટ્રેઝરીએ અગાઉ મોન્ટે પાશીમાં રહેલો પોતાનો ૬૮ ટકા હિસ્સો ઘટાડી ૧૧.૭ ટકા કર્યો હતો. હવે તે બેન્ક માટે નવા ભાગીદાર શોધી રહી છે. ઈટાલિયન સરકારે ગત નવેમ્બરમાં બેન્કમાં નવા શેરધારકોનો સમાવેશ કર્યો હતો. જેમાં રોમન બિઝનેસ ટાયકૂન ળાન્સેસ્કો કેલ્ટાગિરોન તથા દિવંગત અબજોપતિ લિઓનાર્ડો ડેલ વેચ્ચિઓની હોલ્ડિંગ કંપની ડેલ્ફિનનો સમાવેશ થાય છે.

## ન્યૂઝ બ્રિફ

### ટ્રમ્પના આદેશ બાદ USમાં ૫૩૮ ઈલિગલ ઇમિગ્રન્ટ ક્રિમિનલ્સની ધરપકડ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૫ ।

ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપ્રમુખ બનતાની સાથે જ અમેરિકાએ સામુહિક દેશનિકાલ અભિયાન શરૂ કર્યો છે. આ અંતર્ગત અમેરિકાએ ૫૩૮ ઈલિગલ ઈમિગ્રન્ટ ક્રિમિનલ્સની ધરપકડ કરીને લશ્કરી વિમાન દ્વારા ડિપોર્ટ કર્યા છે. જેમાં એક શંકાસ્પદ આતંકવાદી અને સગીરો સામે જાતીય ગુનાઓના દોષિત ઠેરવવામાં આવેલા ઘણા ગુનેગારોનો સમાવેશ થાય છે. ગુરુવારે X પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સમાં વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, ટ્રમ્પ વહીવટીતંત્રે લશ્કરી વિમાન દ્વારા સેંકડો ગેરકાયદેસર ઈમિગ્રન્ટ ગુનેગારોને દેશનિકાલ કર્યા છે. ડિપોર્ટ ફ્લાઈટ્સ શરૂ કરવા પર તેમણે ભારપૂર્વક કહ્યું કે, 'રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સમગ્ર વિશ્વને એક મજબૂત અને સ્પષ્ટ સંદેશ મોકલી રહ્યા છે. જો તમે ગેરકાયદેસર રીતે યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રવેશ કરશો તો તમારે ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે.'લેવિટે કહ્યું કે, ઈતિહાસનું સૌથી મોટું ડિપોર્ટ ઓપરેશન સારી રીતે ચાલી રહ્યું છે. વચનો આપવામાં આવ્યા હતા. વચનો પૂરા થયા. ટ્રમ્પ વહીવટીતંત્રે ૫૩૮ ઈલિગલ ઈમિગ્રન્ટ ક્રિમિનલ્સની ધરપકડ કરી છે, જેમાં એક શંકાસ્પદ આતંકવાદી, ટ્રેન ડી અરાગુઆ ગેંગના ચાર સભ્યો અને સગીરો સામેના જાતીય ગુનાઓના દોષિત ઠેરવવામાં આવેલા ઘણા ગુનેગારોનો સમાવેશ થાય છે.મહત્વનું છે કે, રિપબ્લિકન નેતૃત્વવાળા ગૃહે બુધવારે ચોરી અને હિંસક ગુનાઓના આરોપી અનધિકૃત ઈમિગ્રન્ટ્સને અટકાયતમાં રાખવાના બિલને અંતિમ મંજૂરી આપી હતી.

### મુસ્લિમ સાથે લગ્ન કરવાથી હિન્દુ મહિલા મુસ્લિમ નથી બની જતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।


દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે એક પારિવારિક વિવાદના નિકાલ વખતે મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું હતું કે કોઈ મુસ્લિમ શખ્સ સાથે લગ્ન કરી લેવા માત્રથી કોઈ હિન્દુ મહિલાનું આપમેળે ઈસ્લામમાં ધર્માંતરણ નથી થઈ જતું. પરિવારની સંપત્તિમાં હિસ્સા માટે એક બહેને ગુહાર લગાવી હતી જેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી. પુષ્પલતા નામની મહિલાએ વર્ષ ૨૦૦૭માં પોતાના સાવકા ભાઈઓ સામે સંપત્તિ મુદ્દે દાવો કર્યો હતો, પુષ્પલતાનો દાવો હતો કે મારા પિતાની સંયુક્ત પરિવારની સંપત્તિનો હિસ્સો મને આપવામાં નથી આવ્યો અને મારા સાવકા ભાઈઓ આ સંપત્તિને મારી મંજૂરી વગર જ વેચી રહ્યા છે. જ્યારે પુષ્પલતાના પિતાએ તેમજ તેના સાવકા ભાઈઓએ એવો દાવો કર્યો હતો કે પુષ્પલતાએ બ્રિટનમાં એક પાકિસ્તાની મૂળના મુસ્લિમ સાથે લગ્ન કરી લીધા હોવાથી તે હવે હિન્દુ નથી રહી માટે હિન્દુ વારસા કાયદા મુજબ તેને સંપત્તિમાં હિસ્સાનો કોઈ અધિકાર નથી રહ્યો. બીજી તરફ કોર્ટે આંશિક રીતે મામલાનો સ્વીકાર કરતા કહ્યું હતું કે વાદી હવે હિન્દુ નથી રહી તે સાબિત કરવાની જવાબદારી પ્રતિવાદી એટલે કે સાવકા ભાઈઓની રહેશે. કોર્ટે એ પણ નોંધ્યું હતું કે સંપત્તિ પર દાવો કરનારી બહેન પુષ્પલતાએ પોતાના સોગંદનામામાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે તે હાલ પણ હિન્દુ ધર્મ અપનાવીને જ જીવન જીવી રહી છે.

# અમેરિકાને ભારતની ચોખ્ખી વાત : 'પહેલા પુરાવા આપો પછી જ ગેરકાયદે પ્રવાસીઓને પાછા લઈશું'

**રણધીરે જણવ્યું હતું કે, 'ભારત-અમેરિકા સંબંધો ખૂબ જ મજબૂત છે, બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો ખૂબ જ ખાસ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ભારત અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયોને પાછા લાવી શકે છે. આ વાત વિદેશ મંત્રાલય દ્વારા કહેવામાં આવી છે. જો કે, વિદેશ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે ભારત અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા ભારતીયોને પાછા લેવા માટે તૈયાર છે, જો તેમની રાષ્ટ્રીયતા ચકાસવામાં આવે. આ સાથે તે ગેરકાયદે ઈમિગ્રેશનનો વિરોધ કરે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલને અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોને દેશનિકાલ કરવા અંગે જણાવ્યું હતુ કે, 'અમે એવા ભારતીય નાગરિકોને પાછા લાવીશું જેઓ નિર્ધારિત સમયગાળા કરતાં વધુ સમય માટે અને યોગ્ય દસ્તાવેજો વિના અમેરિકા સહિત ક્યાંય પણ રહી રહ્યા છે. પરંતુ શરત એ છે કે તેમની રાષ્ટ્રીયતા



ચકાસતા જરૂરી દસ્તાવેજો અમારી સાથે શેર કરવા જોઈએ.રણધીર જયસ્વાલે જણવ્યું હતું કે, 'ભારત-અમેરિકા સંબંધો ખૂબ જ મજબૂત છે. બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો ખૂબ જ ખાસ છે. અમે વેપાર સંબંધિત કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવા માટે અમેરિકા અને ભારત વચ્ચે પદ્ધતિઓ સ્થાપિત કરી છે. અમારો અભિગમ હંમેશા આ રહ્યો છે. બંને દેશોના હિતોને ધ્યાનમાં રાખીને રચનાત્મક રીતે મુદ્દાઓનું નિરાકરણ લાવવાનો ઉદ્દેશ્ય છે. અમે અમેરિકી વહીવટીતંત્ર સાથે સંપર્કમાં છીએ.'યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી દ્વારા ભારતમાંથી લગભગ ૧૮,૦૦૦ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ઓળખ કરવામાં આવી હોવાના અહેવાલો અંગે રણધીર જયસ્વાલે જણવ્યું હતું કે, 'ભારત ગેરકાયદે ઈમિગ્રેશનનો વિરોધ કરે છે કારણ કે તેનાથી થતા વિવિધ પ્રકારના સંગઠિત ગુનાઓ. અમે તેમને પાછા લઈશું જો દસ્તાવેજો અમારી સાથે શેર કરવામાં આવે જેથી અમે તેમની રાષ્ટ્રીયતા અને તેઓ ખરેખર ભારતીય છે તેની ચકાસણી કરી શકીએ. અમેરિકામાં રહેતા ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સની સંખ્યા વિશે વાત કરવી ઉતાવળ હશે.'

### શરીફુલના પોલીસ રિમાન્ડ ૨૯ જાન્યુઆરી સુધી લંબાવાયા

# સૈફના કેસમાં પોલીસ આરોપીના ચહેરાની ઓળખનો ટેસ્ટ કરશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

બોલિવૂડ સ્ટાર સૈફ અલી ખાન પર હુમલાના બહુચર્ચિત કેસમાં પોલીસ બાંગ્લાદેશી આરોપીના ચહેરાની ઓળખનો ટેસ્ટ કરશે. પોલીસે શુક્રવારે કોર્ટને જણાવ્યું હતુ કે, સીસીટીવી ફૂટેજમાં દેખાતો વ્યક્તિ અત્યારે પકડવામાં આવેલો શરીફુલ જ છે કે નહીં તેની ચકાસણી માટે ટેસ્ટ કરાશે.કોર્ટે આરોપી શરીફુલ ઈસ્લામ શહેઝાદ મોહમ્મદ રોહીલા અમીન ફકીરની કસ્ટડી ૨૯ જાન્યુઆરી સુધી વધારી હતી. દરમિયાન શરીફુલના વકીલે ઘટના અંગે સૈફના વર્ઝન સામે કેટલાક પ્રશ્નો કર્યા હતા. તેણે દલીલ કરી હતી કે, સૈફે પોલીસને તરત કેમ ન બોલાવી? ઉલ્લેખનીય છે કે, સૈફ પર હુમલાના કેસમાં શરીફુલની ૧૯ જાન્યુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે શુક્રવારે આરોપીની કસ્ટડી માટે વધુ મુદત માંગવા સાથે જણાવ્યું



હતું કે, "તપાસમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. કેટલીક મહત્વની બાબતો માટે વધુ પૂછપરછ જરૂરી છે." સરકારી વકીલ કે એસ પાટિલ અને પ્રસાદ જોશીએ કોર્ટને જણાવ્યું હતું કે, "આરોપીના ચહેરાની ઓળખનો ટેસ્ટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં કરવો જરૂરી છે. જેથી સૈફના એપાર્ટમેન્ટના સીસીટીવી ફૂટેજમાં દેખાતો વ્યક્તિ શરીફુલ જ છે કે નહીં તેની ચકાસણી થઈ શકે." આરોપીના પિતાએ દાવો કર્યો છે કે, સીસીટીવી ફુટેજમાં દેખાતો વ્યક્તિ તેમનો દીકરો નથી. તેમણે બાંગ્લાદેશના મીડિયા સાથેની વાતચીતમાં આવું નિવેદન આપ્યું હતું.

### મદ્રાસ હાઇકોર્ટે એક મામલાની સુનાવણી દરમિયાન કહ્યું

# કાર્યસ્થળે મહિલાકર્મી સાથે અનિચ્છનીય વ્યવહાર જાતીય સતામણી ગણાય : મદ્રાસ હાઈકોર્ટ

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૫ ।

મદ્રાસ હાઈકોર્ટે એક મામલાની સુનાવણી દરમિયાન કહ્યું હતું કે કાર્યસ્થળ પર મહિલાઓ સાથે અનિચ્છનીય વ્યવહાર પણ યૌન ઉત્પીડનની કેટેગરીમાં આવે છે. ઉત્પીડનકર્તાની મંશા ગમે તે હોય પરંતુ આ કૃત્ય આપરાધિક કૃત્ય છે. કાર્યસ્થળે મહિલાઓના શારીરિક શોષણને અટકાવતો કાયદો ઈરાદા કરતા કૃત્ય પર વધુ ધ્યાન આપે છે. એક આઈટી કંપની એચસીએલ ટેક્નોલોજીના એક કર્મચારી સામે મહિલા કર્મચારીએ લગાવેલા આરોપો મામલે હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી.

કર્મચારી પર પોતાની સાથે કામ કરનારી ત્રણ મહિલા કર્મચારીઓના યૌન ઉત્પીડનનો આરોપ લગાવવામાં આવ્યો હતો. મદ્રાસ હાઈકોર્ટે આ મામલે કહ્યું હતું કે જો કોઈનો વ્યવહાર સામેની વ્યક્તિને અપ્રિય લાગતો હોય તો તે યૌન ઉત્પીડન માનવામાં આવશે. પછી આવો વ્યવહાર કરનારાનો ઈરાદો ગમે તે હોય. ન્યાયાધીશ આર. એન. મંજુલાએ કહ્યું હતું કે કાર્યસ્થળ પર કોઈ દ્વારા મહિલા સાથે અનિચ્છનીય વ્યવહાર યૌન ઉત્પીડન છે. જો કોઈ વ્યવહાર સ્વીકાર્ય ના હોય અને બીજી વ્યક્તિ ખાસ કરીને મહિલાઓને અપ્રિય અને અનિચ્છનીય લાગતો હોય તો નિશ્ચિત રુપે તે યૌન ઉત્પિડનની વ્યાખ્યામાં આવે છે. ન્યાયાધીશે અમેરિકાની કોર્ટના એક ચુકાદાનો ઉલ્લેખ કરીને કહ્યું હતુ કે જો કોઈ બાબતને સારી રીતે સ્વીકાર ના કરવામાં આવતી હોય તો નિશ્ચિત છે કે આ કૃત્યને અન્ય જેંડર એટલે કે મહિલાઓને અસર કરનારા કૃત્ય તરીકે જોવામાં આવશે. શ્રમ ન્યાયાલયના એક આદેશને રદ કરતી વખતે હાઈકોર્ટે આ ટિપ્પણી કરી હતી.

## રશિયા-યુક્રેન યુદ્ધ ખતમ કરવાની દિશામાં ટ્રમ્પનું મોટું પગલું

### ટ્રમ્પ સરકારે અમેરિકા દ્વારા અન્ય દેશોને આપવામાં આવતી સહાય પણ બંધ કરવાનો નિર્ણય લીધો છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

અમેરિકામાં સત્તામાં આવ્યા બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક મોટા નિર્ણયો લઈ રહ્યા છે. આ સંદર્ભમાં તેમણે યુક્રેનને આપવામાં આવતી સહાય બંધ કરવાની જાહેરાત કરી રશિયા-યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલતા યુદ્ધનો અંત લાવવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. ટ્રમ્પનો આ નિર્ણય યુક્રેન માટે મોટો ઝટકો મનાઈ રહ્યો છે, કારણ કે આ પહેલા બાઈડેન સરકાર રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધમાં યુક્રેનને ઘણી મદદ કરી રહી હતી, જેમાં અબજો ડોલરના શસ્ત્રો પણ સામેલ હતા. એટલું જ નહીં ટ્રમ્પ સરકારે અમેરિકા દ્વારા અન્ય દેશોને આપવામાં આવતી સહાય પણ બંધ કરવાનો નિર્ણય લીધો છે. જોકે, ઈઝરાયલ અને ઈજિપ્તનો તેમાં સમાવેશ નથી, એટલે કે આ દેશોને અમેરિકા તરફથી મદદ મળતી રહેશે. આ પગલું અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિને અનુરૂપ છે, જે વિદેશમાં સહાયને સખત રીતે પ્રતિબંધિત કરે છે.આ આદેશથી વિકાસથી લઈને લશ્કરી સહાય સુધીની ઘણી બાબતોને અસર થશે તેવી અપેક્ષા છે. જો બાયડેનના કાર્યકાળ દરમિયાન યુક્રેનને રશિયાનો સામનો કરવા માટે અબજો ડોલરના શસ્ત્રો મળ્યા હતા. અમેરિકન મદદને કારણે, યુક્રેન ઘણા દિવસોથી યુદ્ધમાં ટકી રહ્યું છે. અમેરિકાએ ૨૦૨૩ માં યુક્રેનને ૬૪ બિલિયન ડૉલરથી વધુની સહાય પૂરી પાડી હતી. ગયા વર્ષે કેટલી સહાય આપવામાં આવી હતી તેની માહિતી આ અહેવાલમાં આપવામાં આવી નથી.અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ કહ્યું કે ૮૫ દિવસની અંદર તમામ વિદેશી સહાયની આંતરિક સમીક્ષાનો આદેશ આપવામાં આવ્યો છે. ટ્રમ્પે અમેરિકાનો કાર્યભાર સંભાળતાની સાથે જ આખી દુનિયામાં અરાજકતા ફેલાઈ છે. ટ્રમ્પ એક પછી એક જે નિર્ણયો લઈ રહ્યા છે તેની અસર સમગ્ર વિશ્વ પર પડી રહી છે. તેમના આ કઠિન અને મોટા નિર્ણયથી આખી દુનિયા ચોંકી ગઈ છે.




નવી દિલ્હીમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનએ વીર ગાથા ૪.૦ ના સુપર-૧૦૦ વિજેતાઓનું સન્માન કર્યું.

### ગોરી મેમ પહોંચતા ગામમાં સર્જાયું કૂતુહલ

# પ્રેમી સાથે લગ્ન કરવા ગોરી મેમ અમેરિકા છોડી બિહાર પહોંચી

। (એજન્સી) પટણા, તા.૨૫ ।

એક અનોખી પ્રેમ કહાણી ચર્ચામાં છે. જેમાં એક અમેરિકન યુવતી ભારતીય યુવકના પ્રેમમાં પોતાનો દેશ છોડીને તેની સાથે લગ્ન કરવા માટે ભારત આવી ગઈ છે. યુવક બિહારનો રહેવાસી છે અને બંનેએ ગત ૨૦ જાન્યુઆરીએ હિન્દુ રીતિ રિવાજ સાથે બિહારમાં જ લગ્ન કરી લીધા. આ લગ્નમાં યુવતીના પરિવારજન અને મહેમાન પણ સામેલ થયા અને લગ્નના સાક્ષી બન્યા. હવે આ લગ્નની ચર્ચા સમગ્ર બિહારમાં થઈ રહી છે અને લગ્નનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. લગ્ન બિહારના સારણ જિલ્લાના દાઉદપુર વિસ્તારના ચંદઉપુર ગામમાં થયા. વરનું નામ આનંદ કુમાર સિંહ અને કન્યાનું નામ સફાયર સેંગર છે. બંને અમેરિકામાં મળ્યા હતા. આનંદ કુમાર જે હોટલમાં શેફ હતા. સફાયર ત્યાંની મેનેજર હતી. આનંદે જણાવ્યું કે સાથે કામ કરતાં બંનેની મિત્રતા થઈ અને આ મિત્રતા આગળ વધી, જેને તેમણે પ્રેમનું નામ આપ્યું.

બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો અને પોતાના પરિવારજનો સાથે વાત કરી. પરિવારજનો પણ લગ્ન માટે માની ગયા અને સફાયર પોતાના પરિવાર સાથે ઈન્ડિયા આવી ગઈ. ગામમાં જ બંનેએ પોતાના પરિવારજનોની હાજરીમાં ધામધૂમથી ૭ ફેરા લીધા.

सत्यमेव जयते
ગુજરાત સરકાર






# પ્રજાસત્તાક પર્વ

રાજ્ય મહોત્સવ । ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ । તાપી-વ્યારા

અમે,
**માનનીય વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઈ મોદીના**
**'વિકસિત ભારત'**ના
સ્વપ્નને સાકાર કરી
દેશની લોકશાહીને વધુ ઉન્નત
બનાવવાનો સંકલ્પ કરીએ છીએ



માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રતજી**ના
વરદ્‌હસ્તે

**ધ્વજવંદન સમારોહ**

**તારીખઃ** ૨૬ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર, **સવારે** ૯:૦૦ વાગે

**સ્થળઃ** બાજીપુરા, તા. વાલોડ, જિ. તાપી–વ્યારા

પ્રેરક ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી

## આવો, આપણે સૌ
## સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું
## ગૌરવ લઈએ,
## બંધુતા અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ

**પ્રજાસત્તાક પર્વની સૌ ગુજરાતવાસીઓને શુભેચ્છાઓ...**